RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 238, Dt.25-12-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી વિધાનસભાના બજેટ સત્ર પછી યોજાશે

## ૧૭મી ફેબ્રુઆરી થી ૨૮મી માર્ચ ૨૦૨૫ સુધી યોજાનારા બજેટ સત્ર બાદ નવી મતદાર યાદી મુજબ એપ્રિલના અંત કે મે માસની શરૂઆતમાં યોજાય તેવી શકયતા

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

રાજ્યની ખેડા-બનાસકાંઠા એમ ૨ જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત, ૭૫ નગરપાલિકા અને ૫૩૯ નવી બનેલી ગ્રામ પંચાયતો સહતિ કુલ ૪૭૬૫ ગ્રામ પંચાયતો અને જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ હવે, ગુજરાત વિધાનસભાના સંભવતઃ ૧૭મી ફેબ્રુઆરી-૨૦૨૫થી ૨૮મી માર્ચ-૨૦૨૫ સુધી યોજનારા બજેટ સત્ર બાદ નવી-૨૦૨૫ની મતદાર યાદી મુજબ એપ્રિલના અંત કે મે માસની શરૂઆતમાં યોજાય તેવી શકયતા છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની આ સંસ્થાઓ આગામી ચૂંટણીઓ હવે ઝવેરી પંચના અહેવાલ બાદ નક્કી કરાયેલી ઓબીસીની ૨૭ ટકા, અનુસૂચિત જનજાતિ (એસટી) માટે ૧૪ ટકા અને અનુસચિત જાતિ (એસસી) માટે ૭ ટકા અનામત બેઠકો મુજબ કરાશે. હાલને તબક્કે, શહેરી વિકાસ વિભાગ બાદ પંચાયત વિભાગે ૨૭ ટકા ઓબીસી અનામત બેઠકોનું જાહેરનામું બહાર પાડવાની પ્રક્રિયા શરૂ કરી છે. હાલ તો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની અનામત પ્રમાણે બેઠકોની ફાળવણી, વોર્ડરચના, રોટેશનની પ્રક્રિયા પૂર્ણ થયા પછી મતદાર યાદીઓની સુધારણાનો કાર્યક્રમ શરૂ કરાશે.

આ ઉપરાંત મુદ્દત વીતી ગઈ હોય તેવી પાલિકા અને પંચાયતો તથા શહેરી વિસ્તારની ૪૨ અને પંચાયતોની ૪૨ મળીને કુલ ૮૪ ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણી આવશે. થોડા સમય પહેલાં જ શહેરી વિકાસ અને પંચાયત વિભાગ તરફથી ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું પરંતુ હવે તેમાં સુધારા-વધારાના સાથે ફાઈનલ નોટિફિકેશન બહાર પાડવામાં આવી રહયા છે. રાજય ચૂંટણી પંચને ફાઈનલ નોટિફિકેશન મળી જાય તે પછી જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નવી મતદાર યાદી બહાર પડાશે. આ પ્રક્રિયામાં દોઢથી બે મહિના સુધીનો



સમય લાગી શકે તેમ છે. આ પ્રક્રિયા પૂરી થયા બાદ ચૂંટણી પંચ દ્વારા બજેટ સત્ર પૂર્ણ થયા બાદ એપ્રિલ-૨૦૨૫માં ચૂંટણી કાર્યક્રમ જાહેર કરાય તેવી શકયતા છે.

જાણવા મળ્યા મુજબ, હાલને તબક્કે ૧૭મી ફેબ્રુઆરી-૨૦૨૫ના સોમવાર ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર મળશે એમ નક્કી થયું છે. જે મુજબ, ૧૮મી ફેબ્રુઆરી-૨૦૨૫ના મંગળવારે ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૫-૨૬નું કુલ રૂપિયા ૩.૭૫ લાખ કરોડનું કદ ધરાવતું બજેટ રજૂ થશે. સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલનું પ્રવચન થશે ત્યારબાદ દિવંગત પૂર્વ ધારાસભ્યો-મંત્રીઓને શોકાંજલિ અર્પણ કરાશે. બીજા દિવસે સત્રની શરૂઆતની સાથે પ્રશ્નોત્તરી બાદ પૂરક અને સુધારેલું બજેટ રજૂ થયા બાદ નવા નાણાકીય વર્ષ માટેનું બજેટ રજૂ થશે. ૩ દિવસ રાજ્યપાલના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ પર ચર્ચા ૪ દિવસ બજેટ પરની સામાન્ય ચર્ચા અને ૧૨ દિવસ માટે સરકારના દરેક વિભાગ પર ચર્ચા હાથ ધરાશે.

પાલિકા-પંચાયતો અને જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં યોજાનાર ચૂંટણીઓ માટે તૈયાર થઈ રહેલી નવી મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ ડિસેમ્બરના અંતમાં કરી દેવાયા બાદ નિયમ-૩ (૬) હેઠળ નમૂના નંબર ૧ (૬) તથા ૧ (ખ) મુજબ દાવા અરજીઓ રજૂ કરવાની છેલ્લી તારીખ ૮મી, જાન્યુઆરી-૨૦૨૫ નક્કી કરાઈ છે. રજૂ થયેલા આ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા અંગે આખરી નિર્ણય ૧૫મી, જાન્યુઆરી-૨૦૨૫ના રોજ કરાશે.

આ પ્રક્રિયામાં દોઢથી બે મહિના સુધીનો સમય લાગી શકે તેમ છે. આ પ્રક્રિયા પુરી થયા બાદ ચુંટણી પંચ દ્વારા બજેટ સત્ર પૂર્ણ થયા બાદ એપ્રિલ ૨૦૨૫માં ચુંટણી કાર્યક્રમ જાહેર કરાય તેવી શકયતા છે.

# કસ્ટમ ડ્યુટી મુક્તિ સમાપ્ત કરવા પર વિચારણા!

## સરકાર જીવનરક્ષક દવાઓ, ટેલિકોમ ઓપ્ટિકલ ફાઈબર માટે જરૂરી રસાયણો અને રિન્યુએબલ એનર્જી અને ટ્રાન્સપોર્ટેશન સેક્ટરમાં વપરાતી વસ્તુઓની પણ સમીક્ષા કરી રહી છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નાણા મંત્રાલય બજેટ ૨૦૨૫ માં ઘણા આયાતી માલ પર કસ્ટમ ડ્યુટી મુક્તિને દૂર કરવા પર વિચાર કરી રહ્યું છે. નમેક ઈન ઈન્ડિયાથ પહેલ હેઠળ દેશમાં ઉત્પાદન વધારવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે. ઈકોનોમિક ટાઈમ્સમાં પ્રકાશિત સમાચાર અનુસાર, જે માલસામાન પર આ છૂટ સમાપ્ત થઈ શકે છે તેમાં ઈન્સ્યુલિન બનાવવા માટે વપરાતી બલ્ક દવાઓ, લેબમાં ઉગાડવામાં આવતા હીરા માટેનો કાચો માલ, ઓપ્ટિકલ ફાઈબર બનાવવા માટે પ્લાસ્ટિક, એલઈડી અને એલસીડી ટીવીના ભાગો અને કોલસાનો સમાવેશ થાય છે ખાણકામ અને વીજ ઉત્પાદન સાધનો.

આ ઉપરાંત સરકાર જીવનરક્ષક દવાઓ, ટેલિકોમ ઓપ્ટિકલ ફાઈબર માટે જરૂરી રસાયણો અને રિન્યુએબલ એનર્જી અને ટ્રાન્સપોર્ટેશન સેક્ટરમાં વપરાતી ચીજવસ્તુઓની પણ સમીક્ષા કરી રહી છે. હાલમાં, આ સામાન પર ૦-૫%ના રાહત દરે કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવે છે. આ ડિસ્કાઉન્ટ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી માન્ય છે.

આ છૂટને હટાવતા પહેલા સરકાર દેશમાં આ સામાનના ઉત્પાદન અને રોકાણની ક્ષમતા જોઈ રહી છે. આ અંગે ઉદ્યોગો પાસેથી સૂચનો પણ મંગાવવામાં આવ્યા છે, જેથી આ છૂટ ચાલુ રાખવી કે નાબૂદ કરવી તે અંગે નિર્ણય લઈ શકાય.દેશમાં આયાત પર નિર્ભરતા ઘટાડવા અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવી રહ્યો છે. અગાઉના બજેટમાં સ્ટીલ અને કોપરના ઉત્પાદન ખર્ચને ઘટાડવા માટે કેટલાક કાચા માલ પરની ડ્યુટી દૂર કરવામાં આવી હતી. તબીબી ઉપકરણો બનાવવા માટેના કેટલાક સામાન પરની કસ્ટમ ડ્યુટી પણ ઘટાડી દેવામાં આવી છે.



અમેરિકા સાથેના વેપાર સંબંધો અને બદલાતા વૈશ્વિક વાતાવરણની પણ આ સમીક્ષા પર અસર પડી રહી છે. સરકારનું આ પગલું ન માત્ર સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવશે પરંતુ આવશ્યક ક્ષેત્રોને પણ સુરક્ષા આપશે.

# સુરત પાસે સૌરાષ્ટ્ર એકસપ્રેસ ટ્રેનનાં ડબ્બા ખડી પડયા

**મુખ્ય સમાચાર,સુરત**

સુરતના કિમ રેલવે સ્ટેશને દાદર પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસનાં ચાર ડબ્બા પાટા પરથી ઉતર્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. સૌરાષ્ટ્ર એકસપ્રેસનો પાર્સલ ભરેલો ડબ્બો પહેલા પાટા પરથી ખડી પડતા ફફડાટ મચ્યો હતો. ટ્રેનની સ્પીડ ઓછી હોવાથી મોટી દુર્ઘટના ટળી છે.




મળતી માહિતી મુજબ ટ્રેન કિમ સ્ટેશનથી થોડે જ દુર આગળ હતી ત્યારે પાર્સલ ભરેલો ડબ્બો પાટા પરથી ઉતરી ગયો હતો. તેની પાછળના અન્ય ત્રણ ડબ્બાને પણ અસર થઈ હતી. સદનસીબે ટ્રેનની સ્પીડ ઓછી હોવાથી આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ ન હતી.

પશ્ચિમ રેલવેનાં પીઆરઓએ એક સતાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૯૦૧૫ સૌરાષ્ટ્ર એકસપ્રેસનો ડબ્બો ખડી પડ્યો હતો. એન્જીન પછીનો ડબ્બો ખડી પડયો હતો. એન્જીન પછીનો પાર્સલનો આ ડબ્બો પાટા પરથી નીચે ઉતર્યો હતો તેને કારણે પાછળના ત્રણ ડબ્બાને પણ વધતે ઓછે અંશે અસર થઈ હતી.જોકે ટ્રેનની સ્પીડ એકદમ ઓછી હોવાના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી બની રહેલી રેલવે દુર્ઘટનાને કારણે ટ્રેનમાં મુસાફરી કરતા લોકોની સુરક્ષાના મુદ્દે મોટો પ્રશ્ન ઉદભવી રહ્યો છે. અવાર-નવાર બનતી આવી ઘટનાઓએ લોકોમાં ભયનો માહોલ સર્જ્યો છે.ગત મહિને પશ્ચિમ બંગાળના હાવડા જીલ્લાનાં નોલપુરમાં શાલીમાર-સિકંદરાબાદ સાપ્તાહીક સ્પેશ્યલ ટ્રેન અકસ્માતનો શિકાર થઈ હતી. તેમાં ટ્રેનના ત્રણ ડબ્બા પાટાથી ઉતરી ગયા હતા.

# થિયેટરોમાં વેચાતા લૂઝ - ફલેવર્ડ પોપકોર્ન પર ૫% જ GST લાગશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશનું અર્થતંત્ર પોપકોર્ન કેન્દ્રીત બની ગયાના સંકેત છે. શનિવારે મળેલી જીએસટી કાઉન્સીલની બેઠક જેમાં નાણામંત્રી અધ્યક્ષપદે યોજાઈ હતી તેમાં પોપકોર્ન પર ત્રણ પ્રકારે જીએસટી લાદવા નિર્ણય થયા બાદ દેશમાં હાસ્યનું મૌજૂં ફરી વળ્યુ હતું.



તે વચ્ચે ફરી સરકારે સ્પષ્ટતા કરી છે કે, સીનેમા થિયેટરમાં જે પોપકોર્ન વેચાયા છે તે ચોકલેટ કે કાર્બોહાઈડ્રેડ અથવા કોઈપણ ફલેવર મિલાવત હોય તેના પર તો ૫% જ જીએસટી લાગશે. સરકારે આ પ્રકારે પોપકોર્નમાં ફરી સ્પષ્ટતા કરી છે.

સરકારે જણાવ્યું કે, સામાન્ય રીતે થિયેટરોમાં પોપકોર્ન લૂઝમાં વેચાય છે અને તે રેસ્ટોરા-સર્વિસ હેઠળ આવે છે અને તે સિનેમા જોવા આવતા દર્શકોને પુરા પાડવામાં આવે છે. આમ તે પેક રેસ્ટોરા-સર્વિસ હેઠળ આવે છે. જો કે સિનેમા બહાર જો આ ફલેવર્ડ- ખાદ્ય સ્વાદ- સુગંધી ઉમેરાયેલા પોપકોર્ન પેકમાં વેચાય તો તેના પર ૧૮% જીએસટી લાગે છે.

અગાઉ પણ થિયેટરમાં ફલેવર્ડ, ખાદ્ય સ્વાદ વિ. ઉમેરાયેલા પોપકોર્ન પર ૫% જ જીએસટી લાગતો હતો તેવો સરકારનો દાવો છે. દેશમાં પોપકોર્ન પરના ૧૮% જીએસટી અંગે સોશ્યલ મીડીયામાં રમૂજ ભરી ચર્ચા છેડાઈ હતી અને જીએસટી કાઉન્સીલની બેઠક બાદ સરકારને સ્પષ્ટતા કરવી પડી હતી કે આ અલગ અલગ દર એ અગાઉથી જ અમલી છે અને બેઠકમાં ફકત તેની સ્પષ્ટતા થઈ છે.

# SOPનો ભંગ કરીને મેડિકલ કેમ્પ યોજનારી હોસ્પિટલને PMJAYમાંથી બ્લેકલિસ્ટ કરાશે

## જોઈન્ટ રીપ્લેસમેન્ટ જેવી બિમારી માટે મેડીકલ કેમ્પ નહીં થઈ શકે : દર્દી પાસે આયુષ્યમાન કાર્ડની વિગત નહી માંગી શકાય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલનું PMJAY યોજના થકી પૈસા પડાવવાનું કૌભાંડ બહાર આવ્યા બાદ મેડિકલ કેમ્પ થકી દર્દીઓને હોસ્પિટલ સુધી ખેંચી લાવવાના આયોજનનો છેદ જ ઉડી જાય તેવી ખાનગી હોસ્પિટલો માટેની જ્યડ આરોગ્ય વિભાગે જારી કરી છે.





જેમાં PMJAY સાથે સંકળાયેલી ખાનગી હોસ્પિટલ કયા પ્રકારના રોગોનો મેડિકલ કેમ્પમાં સમાવેશ કરી શકશે અને નહીં કરી શકે તે સ્પષ્ટ કર્યું છે. તે સાથે મેડિકલ કેમ્પ યોજાશે તેમાં જિલ્લા કે તાલુકા કક્ષાના આરોગ્ય વિભાગના અધિકારી ફરજિયાત હાજર રહેશે. જ્યડનો ભંગ કરીને મેડિકલ કેમ્પ યોજનારી હોસ્પિટલને ડખઉંઅઢમાંથી બ્લેકલિસ્ટ કરાશે. કેમ્પમાં દર્દી પાસે આયુષ્યમાન કાર્ડની વિગતો માગી શકાશે નહીં.

જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપતી સરકારની PMJAY જેવી ઉદાર યોજનાને ખ્યાતિ હોસ્પિટલના તબીબોએ ટાર્ગેટ કરી બિનજરૂરી જીવલેણ ઓપરેશન કર્યા બાદ આરોગ્ય વિભાગ ભવિષ્યમાં યોજનાનો કોઈપણ રીતે ગેરલાભ લઈ ન શકાય તે રીતે સકંજો કસી રહી છે. જેમાં દર્દીઓને હોસ્પિટલ સુધી ઓપરેશન માટે ખેંચી લાવવાના મૂળ સમાન મેડિકલ કેમ્પ યોજાય તે માટે સ્થાનિક તંત્રની મંજૂરી તો લેવી પડશે. તે સાથે જોઈન્ટ રિપ્લેસમેન્ટ જેવા સર્જરી ટાઈપની બીમારીનો કેમ્પમાં સમાવેશ કરી શકાશે નહીં. તેની સામે નેશનલ હેલ્થ પ્રોગ્રામ દ્વારા નિયત કરાયેલા બિનચેપી રોગ, મોતિયો, અંધત્વની સારવાર વગેરેનો મેડિકલ કેમ્પમાં સમાવેશ કરી શકાશે. કેમ્પ યોજ્યા પછી તેના આયોજકોએ લાઈન ઓફ ટ્રીટમેન્ટની વિગતો જિલ્લા આરોગ્ય અધિકારીને પણ આપવી પડશે.તેના કારણે દર્દીઓને બિમારી અને આગામી સારવારમાં શેની જરૂર પડી શકે છે તેની જાણકારી મળી શકશે. જેથી કોઈ ખાનગી હોસ્પિટલ ડખઉંઅઢ યોજનાનો ગેરલાભ ઉઠાવી રહી છે કે નહીં તેનું પણ મોનિટરિંગ કરી શકાશે.

મેડિકલ કેમ્પની સ્થાનિક આરોગ્ય ઓથોટિરીને જાણ કરવી પડશે તે પછી સ્થાનિક તાલુકા કે જિલ્લા કક્ષાના આરોગ્ય વિભાગના અધિકારી કે સિનિયર કર્મચારીએ મેડિકલ કેમ્પમાં ફરજિયાત હાજરી આપવી પડશે. જેઓ કેમ્પની કામગીરી ઉપર નજર રાખશે. કેમ્પ બાદ દર્દીઓને કેવી સારવારની જરૂર પડશે તેની વિગતો પણ જિલ્લા આરોગ્ય અધિકારીને આપવી પડશે.

PMJAY સાથે સંકળાયેલી ખાનગી હોસ્પિટલો મેડિકલ કેમ્પ યોજી શકશે, પરંતુ જે દર્દીનું તેમાં સ્ક્રીનિંગ કરાશે તેમની પાસેથી આયુષ્યમાન કાર્ડની વિગતો માગી શકશે નહીં. એટલું જ નહીં, દર્દીને કોઈપણ રીતે હોસ્પિટલના આયોજકો કે તબીબો દબાણ કે લાલચ આપીને તેમની હોસ્પિટલમાં આવવા પ્રોત્સાહિત કરી શકાશે નહીં તેવી જોગવાઈ પણ જ્યડમાં કરવામાં આવી છે. જેથી ખ્યાતિ કાંડનું પુનરાવર્તન ટાળી શકાય.

SOPનો ભંગ કરનારી ખાનગી હોસ્પિટલના આયોજકો સહિત જવાબદારો સામે પગલાં લેવાશે અને ડખઉંઅઢમાંથી બ્લેકલિસ્ટ કરવા સુધીના પગલાં લઈ શકાય તેવી જોગવાઈ પણ જ્યડમાં કરાઈ છે.

# સંસદના શિયાળુ સત્રની સમાપ્તી બાદ હવે બજેટ સત્રનુ કાઉન્ટડાઉન શરૂ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સંસદના શિયાળુ સત્રની સમાપ્તી બાદ હવે બજેટ સત્રનુ કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે અને મોદી ૩.૦ સરકારનું પ્રથમ પૂર્ણ કક્ષાનું બજેટ નવા જીયો પોલીટીકલ વાતાવરણ વચ્ચે રજુ થશે. ખાસ કરીને અમેરિકામાં ટ્રમ્પ શાસનના આગમન બાદ જે ટેરીફ મુદો છવાયો છે તેના સંદર્ભમાં ભારત તેના અર્થતંત્રને આંતરિક અને વૈશ્વિક પડકારોને પહોંચી વળે તેવા માર્ગે લઈ જવા તૈયારી કરી રહી છે.તે સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હવે વિકસીત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા આગામી બજેટનો દૌર યોજવા હાથમાં લઈ લીધો છે અને ગઈકાલે દેશના ટોચના અર્થશાસ્ત્રીઓ સાથે શ્રી મોદીએ મુક્ત મને બજેટ સંવાદ કર્યો હતો. શ્રી મોદી બજેટના પ્રાથમીક તબકકે જ તેની રચનામાં સામેલ થયા છે તે સૂચક છે. ખાસ કરીને જે રીતે હાલ આર્થિક વિકાસ દરને બ્રેક લાગી છે અને ૨૦૨૫માં પણ વૈશ્વિક સ્થળે ભારતનું અર્થતંત્ર પણ ધીમી ગતિએ ચાલશે તેવા અનુમાન છે તે સમયે સરકાર તેની અસર રોજગારી પર પડે નહી તે નિશ્ચિત કરવા માંગે છે. વડાપ્રધાન સાથેની ચર્ચામાં વિવિધ અર્થશાસ્ત્રીઓએ ખાસ કરીને ગ્રામીણ ભારતમાં આર્થિક ઈંધણ મળતુ રહે તે માટે કૃષિ-ખેતીવાડી-હોટ્રીકલ્ચરલ-ફુડ પ્રોસેસીંગ પર સરકારની તાકાત લગાવવા ખાસ ભલામણ કરી હતી. તો શિક્ષા-કૌશલ્યમાં ભારતને માટે હવે તક છે અને બહેતર શિક્ષણ પ્રણાલી મારફત દેશમાં જ સ્કીલ અને બ્રેઈન ડ્રેઈન ઘટે તથા રોજગારના અવસર પેદા થાય તે નિશ્ચિત કરવા ખાસ ભલામણ થશે. વાસ્તવમાં બજેટ સાથે હવે દેશનું માઈન્ડ સેટ- બદલવાનું જરૂરી છે.



આ બેઠકમાં બેન્ક ઓફ બરોડાના ચીફ ઈકોનોમીસ્ટ મદન સ્વપનીલ, કિસીલના મુખ્ય અર્થશાસ્ત્રી ડી.કે.જોષી, સ્ટેટ બેન્કના ચીફ ઈકોનોમીસ્ટ સૌમ્યકાંતિ ઘોષ, કેપરચેજના મુખ્ય અર્થશાસ્ત્રી રજની સિન્હા, જાણીતા અર્થશાસ્ત્રી ડો. સુરજીત ભલ્લા, ડો. અશોક ગુલાટી, સિદ્ધાંત સાન્યાલ સામેલ હતા. આ બેઠકમાં મૂડીરોકાણ જેની ગતિ ધીમી પડી છે તેને વેગ આપવામાં ફકત સરકારી જ નહી ખાનગી ક્ષેત્રનું નવું રોકાણ આવે અને તેમાં જે ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસનો ખ્યાલ છે તેને વધુ અસરકારક રીતે લાગુ કરાય તે જોવા ખાસ ભલામણ થઈ છે.

# કાશ્મીર - હિમાચલમાં સતત હિમવર્ષા રાજસ્થાન - મધ્યપ્રદેશ - હરિયાણામાં વરસાદ


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ક્રિસમસની ઉજવણી ટાણે જ દેશના અનેક રાજયોમાં હવામાનપલ્ટો સર્જાયો છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ તથા ઉતરાખંડના પર્વતીય ભાગો બરફથી ભરચકક છે અને પ્રવાસીઓમાં આનંદોત્સવ છે. સાથોસાથ અનેક અવરોધોનો પણ સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ પાટનગર દિલ્હી, હરિયાણા, મધ્યપ્રદેશમાં વરસાદ વરસ્યો હતો. રાજસ્થાનમાં કરા પડવાનુ એલર્ટ જારી કરાયુ છે.

પર્વતીય રાજયોમાં હિમવર્ષાને પગલે સમગ્ર ઉતરભારતમાં ઠંડી કહેર વરસાવા લાગી છે. કાશ્મીરમાં સોનમર્ગ સહિતના ભાગો બરફથી ઢંકાઈ ગયા છે. અનેક હાઈવે-માર્ગો બંધ છે. હિમાચલમાં રોહતાંગ તથા કુકરીમાં ભારે વરસાદથી ૧૦ હજાર પ્રવાસીઓ અટવાઈ ગયા હતા. ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ તથા ૧૧૫થી વધુ માર્ગો બંધ કરાયા હતા.

બીજી તરફ દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણામાં વરસાદ પડયો હતો. રાજસ્થાન-મધ્યપ્રદેશમાં હજુ બે-ત્રણ દિવસ કરા-વરસાદનુ એલર્ટ અપાયુ છે. રાજસ્થાન સરકાર દ્વારા ૫ જાન્યુઆરી સુધી સ્કુલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે.

કાશ્મીરમાં તાપમાનનો પારો નોર્મલ કરતા ૨થી૫ ડિગ્રી નીચે છે. શ્રીનગરમાં ન્યુનતમ તાપમાન માઈનસ ૬.૬ ડીગ્રી, પટલગામમાં માઈનસ ૭.૮ ડીગ્રી, ગુલમર્ગમાં માઈનસ ૭.૪ ડીગ્રી નોંધાયુ હતું.




ઉતરાખંડના ઔલીમાં પણ ક્રિસમસના આગલા દિવસે ભારે હિમવર્ષા થઈ હતી અને સર્વત્ર અર્ધો ફુટ બરફ જામી ગયો હતો. ધાર્મિક સ્થાન ગંગોત્રીમાં તાપમાન માઈનસ ૨૦.૬, યમુનોત્રીમાં માઈનસ ૮-૯, કેદારનાથમાં માઈનસ ૧૩ ડીગ્રી તાપમાન નોંધાયુ હતુ.

કાશ્મીર, હિમાચલ, ઉતરાખંડ જેવા રાજયોમાં હિમવર્ષાથી બરફની ચાદર પથરાઈ છે. નવ્હાઈટ ક્રિસમસથની ઉજવણી છે.સિમલામાં સાત સેમી બરફ વરસ્યો હતો. જેને પગલે પ્રવાસીઓની સંખ્યામાં એકાએક ૩૦ ટકાનો વધારો થઈ ગયો હતો. હિમવર્ષાને કારણે હિમાચલના ૨૨૩ રસ્તા બંધ પડયા હતા.મનાલીમાં અટલ સરોવર નજીક ૫૦૦ વાહનો ફસાયા હતા અને પ્રવાસી વાહનોની કતારો જોવા મળી હતી.

## પશુપાલન વિભાગ તથા ગૌ સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે જામજોધપુર ખાતે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરાયું

મુખ્ય સમાચાર,જામજોધપુર
રિપોર્ટ વિજય બગડા

પશુપાલન શાખા, જિલ્લા પંચાયત જામનગર સંચાલિત પશુ દવાખાના જામજોધપુર તથા ગૌ સેવા મંડળ જામજોધપુરના સંયુક્ત ઉપક્રમે જામજોધપુર ગૌશાળા ખાતે મેજર પશુ આરોગ્ય મેળા (ડઅખ)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા કૂલ ૮૦ પશુપાલક લાભાર્થીઓના ૯૧ પશુઓને મેડિસિનલ, ૧૨ પશુઓને સર્જરી, ૨૭ પશુઓને ગાયનેકને લગતી વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. તથા ૧૦૦ જેટલા પશુઓને કૃમિનાશક દવાઓનુ વિનામૂલ્યે વિતરણ કરવામા આવ્યુ હતુ.તેમજ પશુપાલક લાભાર્થીઓને પશુપાલન ખાતા, ગુજરાત રાજયની વિવિધ સહાયકારી યોજનાઓ, પશુપાલક હિતલક્ષી સેક્સડ સીમેન ડોઝથી



કૃત્રીમ બીજદાન વિશે સમજણ આપવામા આવી અને ૨૧મી પશુધન વસ્તી ગણતરીના વિશે માહિતી આપવામાં આવી હતી.તેમજ જામનગર જિલ્લા પ્રાણી કુરતા નિવારણ સોસાયટી અને પ્રાણી કુરતા અંગેના કાયદાઓ વિશે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં પૂર્વ કૃષિ અને ઊર્જા મંત્રી ચિમનભાઈ સાપરીયા, જામજોધપુર નગરપાલીકાના પૂર્વ પ્રમુખ નરેન્દ્રભાઈ કડીવાર તથા ખેરાજભાઈ ખાંટ, જામજોધપુર ગૌશાળા પ્રમુખ કાન્તિભાઈ રામોલીયા તથા પાંજરાપોળ પ્રમુખ સી.એમ.વાછાણી તથા નાયબ પશુપાલન નિયામક ડો.એ.સી.વિરાણી, ડો. હીતેષ કોરીંગા વેટરનરી પોલીક્લિનીક, ડો. હર્ષદ માવાણી, ડો.રાયદે ડાંગર વગેરેએ ઉપસ્થિત રહી પશુપાલકોને માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ.

## માળિયા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના રાજીનામાની માંગ



### ડો. બાબાસાહેબ આંબેડકર વિશે કરેલી ટિપ્પણીને લઈ આવેદનપત્ર આપ્યું

માળિયા તાલુકા સેવા સદન ખાતે માળિયા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના રાજીનામાની માંગ સાથે મામલતદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે માળીયા તાલુકા કોંગ્રેસ સમિતિ એ આપેલ આવેદનમાં જણાવ્યું કે રાજ્યસભામાં અમિત શાહ દ્વારા બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકર વિશે અશોભનીય ટિપ્પણી કરવામાં આવી છે જેને લઈ દેશભરના અનેક લોકોની લાગણીઓને આઘાત પહોંચ્યો હોવાનું કોંગ્રેસ સમિતિએ જણાવ્યું છે. આ પ્રકારની ટિપ્પણીઓને ભારતના લોકશાહી માટે અનુચિત ગણાવી ગૃહ મંત્રી અમિત શાહના રાજીનામાની માંગણી સાથે મામલતદારને આવેદન પાઠવ્યું છે.

## મોરબીમાં જેતપર ખાતે કેન્સર નિદાન માટે વિશેષ સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો

મુખ્ય સમાચાર,મોરબી

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી મોરબી અને જીલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ કેન્સર નિદાન માટે વિશેષ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન સામુહિક આરોગ્ય કેન્દ્ર જેતપર(મચ્છુ) ખાતે કરવામાં આવ્યું. આ કેમ્પ GCRI અમદાવાદ અને સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટના નિષ્ણાતોના સહયોગ સાથે યોજાયો હતો.

આ કેમ્પને જેતપર(મચ્છુ) ગામના સરપંચ દ્વારા દિપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવેલ, અને પ્રસંગને અનુરૂપ પોતાનાં હકારાત્મક વિચારો રજુ કરેલ અને લોકોને બહોળી માત્રામાં આ કેમ્પનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો, આ કેમ્પમાં GCRIઅમદાવાદ અને સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટનાં



નિષ્ણાંત કેન્સર રોગનાં ડોક્ટર દ્વારા કુલ ૧૫૬ દર્દીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ, જેમાં ઓરલ કેન્સર અંગેનું કુલ ૭૫, બ્રેસ્ટ કેન્સર અંગે કુલ ૪૨, સર્વાઈકલ કેન્સરમાં કુલ ૩૯ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ હતું. આ સ્ક્રીનીંગમાંથી ઓરલ કેન્સરનાં ૩ દર્દીઓને રીફર કરવામાં આવેલ, તથા બ્રેસ્ટ કેન્સરના ૧ દર્દીને રીફર કરવામાં આવેલ, આ કેમ્પમાં આરોગ્ય શાખાનાં અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સંજય શાહ, એપેડેમિક મેડીકલ ઓફિસર ડો.દિપક બાવરવા, સી.એચ.સી. અધિક્ષક ડો.હાર્દિક મહેતા, તાલુકા હેલ્થ ઓફિસર મોરબી ડો.જીગ્નેશ પંચાસરા, સોશ્યલ વર્કર તેહાન શેરસીયા, મોરબી તાલુકા સુપરવાઈઝર તથા અન્ય આરોગ્ય કર્મચારીઓએ જહેમત ઉઠાવેલ અને આ કાર્યક્રમને સફળ બનાવેલ.

## શહેરના ૧૫થી વધુ વિસ્તારોમાં અશાંતધારો લાગુ પાડવાનો રિપોર્ટ કલેક્ટરને હવાલે

### લક્ષ્મીનગર, સોનીબજાર, પોપટપરા, રેલનગર સહિતનો વિસ્તાર આવરી લેવા તૈયારી

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટના ૧૫થી વધુ વિસ્તારોમાં અશાંતધારો લાગુ પાડવા માટે વહીવટી તંત્ર દ્વારા ગતિવિધીઓ તેજ કરી દેવામાં આવી છે. આ અંગે પ્રાંત કચેરી દ્વારા કલેકટર પ્રભવ જોશીને રિપોર્ટ સોપી દેવામાં આવ્યો છે.

કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું કે, શહેરના રેલનગર, લક્ષ્મીનગર, પોપટપરા, સોનીબજાર, પ્રહલાદ પ્લોટ, ગુંદાવાડી, રાધાનગર, કૃષ્ણનગર, રાજનગર સહિતના વિસ્તારોને અશાંતધારા હેઠળ આવરી લેવા માટે પ્રાંત કચેરી દ્વારા રિપોર્ટ સાથેની ફાઈલ કલેકટર પ્રભવ જોશી સમક્ષ રજૂ કરવામાં આવી છે.

હવે પોલીસનો અભિપ્રાય મેળવાયા બાદ કલેકટર દ્વારા આ અંગેની દરખાસ્ત રાજય સરકાર અને ગૃહ વિભાગને મોકલી દેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ધારાસભ્ય ડો.દર્શીતા શાહ દ્વારા રાજકોટ પશ્ચિમ વિસ્તારમાં અશાંત ધારાનો ભંગ થઈ રહ્યાની કલેકટર સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી.

જેમાં સુભાષનગર સહિતના કેટલાક વિસ્તારોમાં મુસ્લિમ સમાજના કેટલાક સદસ્યો હિન્દુ સમાજની વ્યકિતઓના નામે મકાન ખરીદી વસવાટ કરી રહ્યાની પણ ફરિયાદ ઉઠાવી આ મામલે તપાસની માંગણી કરી હતી.જેના પગલે પોલીસ તંત્ર દ્વારા આ વિસ્તારમાં ડોર ટુ ડોર તપાસણી કરવામાં આવી હતી. જે બાદ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ



પણ વેપારીઓ સાથે કલેકટર કચેરી ખાતે દોડી આવી વોર્ડ નં.૭,૮ અને ૧૪માં અશાંતધારો લાગુ કરવા કલેકટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.આમ અશાંતધારાના મામલે બે-બે ધારાસભ્યોની રજૂઆત બાદ કલેકટર દ્વારા પ્રાંત અધિકારીઓ પાસેથી તાબડતોબ રિપોર્ટ મંગાવવામાં આવેલ હતો. જે બાદ હવે શહેરના ૧૫થી વધુ વિસ્તારોને અશાંત ધારા હેઠળ આવરી લેવા માટેનો રિપોર્ટ કલેકટર પ્રભવ જોશીને સોંપી દેવામાં આવી છે.

હવે પોલીસતંત્રનો અભિપ્રાય મળ્યા બાદ કલેકટર દ્વારા રાજય સરકાર અને ગૃહ વિભાગમાં દરખાસ્ત મોકલાશે જયાંથી આખરી મંજૂરી મળ્યે શહેરના ૧૫થી વધુ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

દરમિયાન કલેકટર પ્રભવ જોશી પણ આજે એકાએક ગાંધીનગર દોડી ગયા છે તેઓ પણ આ મામલે ઉચ્ચકક્ષાએ ચર્ચા કરનાર હોવાનું મનાઈ રહ્યું છે. આ ઉપરાંત વિરાણી હાઈસ્કૂલની જમીનના મામલે પણ પ્રાંત કચેરી દ્વારા હવે બે ત્રણ દિવસમાં જ ચૂકાદો જાહેર કરવામાં આપવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

## અમદાવાદમાં આંબેડકરની મૂર્તિ ખંડિત કરનાર બે શખ્સોને ઝડપી લેવાયાઃ ૩ની શોધખોળ

### નાડિયા-ઠાકોર સમાજ વચ્ચેની જુની અદાવતનો ખાર રાખી કૃત્ય આચર્યુ હોવાની કબુલાત

મુખ્ય સમાચાર,અમદાવાદ

અમદાવાદના ખોખરા વિસ્તારમાં શાસ્ત્રી કોલેજની સામેના ભાગમાં આવેલી ચાલમાં લગાવવામાં આવેલી ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ગત તા. ૨૩ ડિસેમ્બરના રોજ ખંડિત કરવામાં આવી હતી. જે બાબત ધ્યાને આવતા દલિત સમાજ રોષે ભરાયો હતો. અને રસ્તા ઉપર ઉતરી વિરોધ દર્શાવ્યો હતો. જેથી હરકતમાં આવેલી પોલીસે તાબડતોબ તપાસના ચક્રોગતિમાન કરી આ ઘટનામાં સંડોવાયેલા બે શખ્સોને અસલાલીથી ઝડપી લીધા છે. જ્યારે અન્ય ત્રણ શખ્સો હજુ પણ નાસતા ફરતા હોય તેઓને ઝડપી લેવા ચક્રોગતિમાન કરાયા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સંસદમાં ડો. બાબાસાહેબ આંબેડકરને લઈને આપવામાં આવેલા નિવેદનને લઈને ચાલતા વિરોધ વચ્ચે ગઈકાલે (૨૩ ડિસેમ્બર) અમદાવાદના ખોખરા વિસ્તારમાં કે. કા શાસ્ત્રી કોલેજ સામે જયંતિ વકીલની ચાલીની બહાર આવેલી ડો. બાબાસાહેબ આંબેડરની પ્રતિમાને અસામાજિક તત્ત્વો દ્વારા ખંડિત કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડયાં હતાં અને આરોપીઓની ધરપકડ કરવાની માગ સાથે ધરણાં પર બેઠા હતા. ઘટનાના બીજા દિવસે પણ પ્રતિમા પાસે ધરણાં યથાવત હતાં.

આજે ૨૪ ડિસેમ્બરને મંગળવારે ખોખરા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ટોળાએ ખોખરા વિસ્તારમાં માર્કેટ, મોલ અને દુકાનો બંધ કરાવી હતી. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે અસલાલીથી બે આરોપી



માધુપુરાના મેહુલ ઠાકોર અને ભોલો ઠાકોરની ધરપકડ કરી છે. આરોપીને પકડવા ૫૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસાયા હતા અને ૨૦૦થી વધુ લોકોની પૂછપરછ કરાઈ હતી. ૨૨ ડિસેમ્બરની મધ્યરાત્રિએ ૩.૩૦ વાગ્યે બે એક્ટિવા પર ચાર શખસ આવ્યા હતા. આરોપીઓએ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખંડિત કરી હતી. આરોપી ભોલો અને મેહુલે પ્રતિમાને પથ્થર મારીને ખંડિત કરી હતી. નાડિયા અને ઠાકોર સમાજ વચ્ચેની જૂની અદાવતમાં આ પ્રતિમા તોડી હોવાનું સામે આવ્યું છે. વર્ષ ૨૦૧૮માં દીવાલને લઈ ક્રોસ રાયોટિંગ ગુનો નોંધાયો હતો. ત્રણ આરોપી મુકેશ ઠાકોર, ચેતન ઠાકોર અને જયેશ ઠાકોર હજી વોન્ટેડ છે.

## હળવદના નવનિયુક્ત શહેર અને તાલુકા ભાજપ પ્રમુખનું અભિવાદન કરાયું



આજરોજ હળવદ શહેર ભાજપ પ્રમુખ તરીકે હળવદ ના સેવાભાવી નવયુવાન – ગૌભક્ત તપનભાઈ દવે ની નિયુક્તિ થતા તેમના અભિવાદન કાર્યક્રમ માં તેમના મિત્ર કેદારભાઈ રાવલ દ્વારા ૫૦૦ રૂપિયા ની ચલણી નોટ થી તૈયાર કરેલ હાર પહેરાવી અભિવાદન કર્યું હતું ત્યારે તેજ સમયે તપનભાઈ દવે એ નિર્ણય લીધો કે આ રકમ ગૌમાતા ના નીરણ માટે ઉપયોગ માં લેવામાં આવે ત્યારે આ સત્કાર્ય થકી તપન દવે એ સમાજ ને એક પ્રેરણા પૂરી પાડી છે અત્રે ઉલ્લેખનીય છે કે તપન દવે નાનપણ થી વિવિધ સેવાકીય કાર્યો સાથે જોડાયેલ છે જેમાં ગૌસેવા – નેત્રયજ્ઞ કેમ્પ – રક્તદાન શિબિર – મેડિકલ કેમ્પ સહિત સહિત કુદરતી કે કુત્રિમ આફત સમયે તપનભાઈ પોતાના મિત્ર વર્તુળ સાથે ખડેપગે સેવારત હોઈ છે ત્યારે તપન દવે એ ભૂતકાળ માં ગુજરાત માં સૌથી નાની વયે નગરપાલિકા માં ચૂંટાઈ આવી અને બાંધકામ સમિતિ – સેનીટેશન સમિતિ ચેરમેન ની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી હતી સાથે સંગઠન માં યુવા મોરચા માં શહેર થી લઇ પ્રદેશ સુધી વિવિધ જવાબદારી નિભાવી ચૂક્યા છે સાથે રેલવે બોર્ડ ની વિભાગીય સમિતિ માં પણ સભ્ય તરીકે સેવા આપેલ છે ત્યારે બહોળા પ્રમાણ માં મિત્ર મંડળ ધરાવતા તપનભાઈ દવે ને મોબાઈલ નંબર ૯૭૨૭૩૬૬૧૦૦ પર શુભકામનાઓ નો વરસાદ વરસાવી રહ્યા છે

## મોરબીમાં ડો.હસ્તીબેન મહેતાના ૧૫૨મા એક દિવસીય આરોગ્ય કેમ્પનું સફળ આયોજન

- લખધીરવાસ પ્રાથમિક શાળા, મોરબી ખાતે યોજેલ નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ સંપન્ન

મુખ્ય સમાચાર,મોરબી

૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ લખધીરવાસ પ્રાથમિક શાળા, દરબારગઢ, મોરબી ખાતે ડો. હસ્તીબેન મહેતાના ૧૫૨મા એક દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ માતુશ્રી સ્વ. શાંતાબેન ઉમિયાશંકર દોશીની પુનિત યાદમાં તેમના સુપુત્ર પ્રફુલભાઈ દોશી દ્વારા યોજવામાં આવ્યો હતો.

કેમ્પમાં ધોરણ ૧થી ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી, જેમાં ત્રણ દિવસની દવાઓ સાથે બાળકોને સ્વચ્છતાની સમજણ અપાઈ હતી. ડો. સુરેશભાઈ કાલરીયાએ બાળકોની



આંખના નંબર ચકાસ્યા અને જરૂરી સારવાર આપવામાં આવી હતી. કેમ્પ દરમિયાન ટી.પી.ઈ.ઓ. ગરચર સાહેબે મુલાકાત લઈ ડો. હસ્તીબેન મહેતાની સેવાઓને બિરદાવી તેમને સ્મૃતિચિહ્નરૂપે ભેટ અર્પી હતી. સાથે જ કન્યાશાળાના આચાર્ય નિલેશભાઈએ કેમ્પ સહાયક શ્રીમતી દર્શનાબેન ત્રિવેદીનું અને શાળાના આચાર્ય નયનભાઈ ભોજાણીએ રશ્મિભાઈ દેસાઈનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે આચાર્ય નયનભાઈ ભોજાણી અને શિક્ષકમંડળના હિતેશભાઈ છત્રોલા, હિતેન્દ્રભાઈ બારૈયા, વિદિકાબેન અઘારા અને ડિમ્પલબેન વિડજાએ નોંધપાત્ર કામગીરી કરી હતી. દાતા પ્રફુલભાઈ દોશી કેમ્પમાં ઉપસ્થિત રહ્યાં હતા અને ડો. હસ્તીબેન મહેતાનું રોકડ રકમથી બહુમાન કરી ભવિષ્યમાં વધુ કેમ્પ માટે અનુદાનની જાહેરાત કરી હતી. આ કેમ્પમાં રશ્મિન દેસાઈ, દર્શના ત્રિવેદી, કેતન મહેતા અને કોઠારીભાઈએ સહાયક તરીકે સેવા આપી હતી.

## ભાજપ દ્વારા ઉના શહેર તાલુકા તથા ગીરગઢડા મંડળમાં નવનિયુક્ત પ્રમુખઓની નિમણુક કરવામાં આવી

અહેવાલ :- અબ્દુલ પઠાણ ઊના



આજરોજ ઉનાના કાર્યશીલ ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ ઉના ધારાસભ્યશ્રી ના કાર્યાલય ખાતે ત્રણેય મંડળના નવનિયુક્ત પ્રમુખોને ફુલહાર પહેરાવી મો મીઠા કરાવીને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉનાના લોકપ્રિય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ પૂર્વ શહેર ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ કોટેચા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી વિશાલભાઈ વોરા, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રી ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેનશ્રી લખમણભાઈ બાંભણીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી મિતેશભાઈ શાહ, તાલુકા ભાજપ પ્રમુખશ્રી બાબુભાઈ ચૌહાણ, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખશ્રી કાળુભાઈ રૂપાલા, નવનિયુક્ત શહેર ભાજપ પ્રમુખશ્રી મનીષભાઈ કારીયા, તાલુકા ભાજપ પ્રમુખશ્રી હિરેનભાઈ બાંભણીયા, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખશ્રી ધર્મેશભાઈ રાખોલીયા, નગરપાલિકાના પ્રમુખશ્રી પરેશભાઈ બાંભણીયા, ઉના તાલુકા પંચાયતના પ્રમુખશ્રી એભાભાઈ મકવાણા, ગીરગઢડા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પ્રવીણભાઈ સાંખટ, જીલ્લા પંચાયત ના સદસ્યશ્રીઓ, નગરપાલિકાના સદસ્યશ્રીઓ, સંગઠન ના હોદેદારો અને ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર મનપાની ફુડ શાખાનું ચેકિંગઃશહેરમાંથી શાકભાજી અને ફુટના વિવધ ૧૮ નમૂના લઈ લેબોરેટરીમાં મોકલ્યા



જામનગર મહાનગર પાલિકાની ફડ વિભાગ ની ટીમ દ્વારા શાકભાજી- ફટના ૧૮ નમૂના લેવાયા હતાં અને તેને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલાયા હતાં. નવી દિલ્હીનાં નેશનલ એન્યુઅલ સર્વેલન્સ પ્લાન અંતર્ગત સમગ્ર રાજયમાં ફ્રેશ ફટ- શાકભાજી જેવી ખાદ્યચીજમાં સ્પે.સર્કલથી ડ્રાઈવ અંગે ફડ સેફટી કમિશ્નરના આદેશ મુજબ જામનગર મહાનગર પાલિકા કમિશનર ડી.એન.મોદી ની સૂચના અનુસાર ફડ શાખા ની ટીમ દ્વારા શાકભાજી અનેફ્રેશફટ નાં ૧૮ જેટલા નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબેટરીમાં મોકલવામાં આવ્યા છે. ઉપરાંત શક્તિ ગૃહ ઉદ્યોગ (શંકર ટેકરી) ને સ્વચ્છતા રાખવા લેબલ પ્રોવીઝનનુ પાલન કરવા, હાઈજેનિક કન્ડીશન જાળવી રાખવા સૂચના અપાઈ હતી. આ ઉપરાંત જલારામે સ્વિટ માર્ટ (નવીવાસ) અને શિખંડ સમ્રાટને ત્યાં તપાસ કરી જરૂરી સૂચના આપવામાં આવી હતી. પટેલ હંસરાજ મનજી દાળિયાવાળા (શેઠફળી-૨), નેચિમનીની ઉંચાઈ વધારવાની સૂચના આપવામાં આવી હતી.ઉપરાંત સેન્ટ્રલ બેંક માર્ગ પરના શિખંડ સમ્રાટ અને દિલીપુ ડેરીની પણ ફડ શાખાએ મુલાકાત કરી હતી. અને જરૂરી તપાસ કરી હતી. ઉપરાંત તીનબત્તી વિસ્તારમાં આવેલ ફિશ માર્કેટમાં પણ ફડ વિભાગની ટીમે તપાસણી કરી હતી અને વ્યવસ્થિત કલોરીનેશન કરવા, મચ્છીની દુર્ગંધ ફેલાઈ નહીં તે હેતુથી કેમિકલ્સ,પેસ્ટીસાઈડ સ્પ્રે. કરવાની સૂચના આપવામાં આવી હતી.

## ગીર ગઢડાના બોડીદર ગામે રસ્તો ખુલ્લો ન કરવા બાબતે ખેડૂતે આત્મવિલોનની ચીમકી આપી

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના ગીર સોમનાથ

પ્રાત માહિતી અનુસાર ગીર ગઢડા તાલુકાના બોડીદર ગામથી કોડીનાર તાલુકાના ફાફણી ગામે જતા જાહેર રસ્તા પરનું દબાણ દુર કરવા બાબતમાં લેખીત અરજી આપેલ સમુહમાં ખેડુત ખાતેદારો આપી છે કચેરીમાં રૂબરૂ મુલાકાત કરેલ કલેકટર શ્રીએ ધ્વારા જણાવેલું કે તમે ખેડુતો ઘઉંનુ વાવેતર કરી દો. તમારો રસ્તો દિવાળી સુધીમાં ખુલ્લો કરી આપીશુ હાલ અમો ઘઉંનુ વાવેતર કરી દીધુ હોય અને ઘઉં વણવા માટે પંજાબ થી (કટર) આવે તેને લઈ જવા માટે ૧૪ ફુટ રસ્તો જોઈએ છે. હાલ આ રસ્તો આઠ ફુટનો છે. અમો દિવાળીમાં મગફળી કાઢવા થ્રેશર લઈ જવા માટે ખેડુતો ફાળો કરી પોતાના સ્વખર્ચે રસ્તો રીપેરીંગ કરવા ગયેલ તો આગળના ખેડુતો ધ્વારા અમારી



ઉપર ૧૦૦ નંબર અને ૧૮૧ માં ફોન કરી ખોટી રીતે ફરીયાદ કરેલ છે. અને રસ્તો પણ રીપેરીંગ કરવા દેતા નથી. તેમજ જંગલી બાવળો પણ કાપવા દેતા નથી. અમોએ છેલ્લા (૭) સાત વર્ષથી અનેકવાર રજુઆત કરી અને ધકકા ખાઈને નારાજ થઈ ગયા પણ અમોને ઉપર વિશ્વાસ છે કે તમે અમારો રસ્તો ખુલ્લો કરી આપશો. બાકી હવે પછી કયારે પણ રસ્તો ખુલ્લો નહી થાય સરકારશ્રી ધ્વારા કોડીનાર સ્યુગર ફેકટરી (મીલ) ચાલુ કરવામાં આવી રહી છે. પણ રસ્તાને કારણે અમો શેરડીનું વાવેતર પણ કરી શકતા નથી.આથી અમારી રજુઆત ધ્યાને નહી લેવામા આવે તો અમો બોડીદર ગામના ખેડુતો જે આ રસ્તા ઉપર જમીન ધરાવે છે તે તમામ ખેડુતો (૧૫) પંદર દિવસમાં ન્યાય નહી મળે તો તા. ૧૦-૦૧-૨૦૨૫ ને શુક્રવારના રોજ નીચે સહી કરનારા તમામ ખેડુતો આપ સાહેબની કચેરી ઈણાજ ખાતે આવી આત્મ વિલોપન કરીશુ જેની જવાબદારી આપની રહેશે.

## લાલપુરના મોડપર ગામે ગ્રામ સમૃદ્ધિ પ્રોજેક્ટ અંતર્ગત પશુ પ્રદર્શની તથા પશુ પાલકો માટે માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો



જામનગર, લાલપુર તાલુકાના મોડપર ગામે નયારા એનર્જી પ્રા.લિ.તથા BISLD- BAIF દ્વારા અમલીકૃત ગ્રામ સમૃદ્ધિ પ્રોજેક્ટ અંતર્ગત પશુ પ્રદર્શન હરીફાઈ તથા પશુ પાલકો માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.જેમાં અંદાજિત ૧૦૦ થી વધુ પશુપાલકો જોડાયા હતા.જેમાં નયારા એનર્જી પ્રા.લિ.તથા BISLD- BAIF ના અધિકારીઓ તથા પશુપાલન શાખા જિલ્લા પંચાયત જામનગર સંચાલિત પશુ દવાખાના લાલપુરના પશુ ચિકિત્સા અધિકારી ડો.અંકિત પટેલ તથા પશુ દવાખાના મોડપરના પશુચિકિત્સા અધિકારી ડો.ડી.એન.બંધિયાએ પશુપાલકોને પશુ પોષણ, પશુ આરોગ્ય, પશુ આહાર, પશુ સંવર્ધન તથા સેક્સ સોર્ટેડ સિમન દ્વારા પશુઓમા કૃત્રિમ બીજદાન, પશુધન વીમા સહાય યોજના, પશુધન કિસાન ક્રેડિટ કાર્ડ, ૨૧મી પશુધન વસ્તી ગણતરી જેવી વખતો વખત સરકાર દ્વારા અમલીકૃત થતી વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. ઉપરાંત હાજર રહેલ પશુઓ માલિકોને પ્રોત્સાહન ભેટ તથા મીનરલ મિક્સર આપવામાં આવ્યા હતા.આ અંગે વધુ માહિતી આપતા નાયબ પશુપાલન નિયામક તેજસ શુક્લએ જણાવ્યું હતું કે પશુ પ્રદર્શિનીનો મુખ્ય ઉદેશ પશુપાલકોમા જાગૃતિ લાવવા, વાછરડી-પાડીની સંભાળ અને વ્યવસ્થાપન થકી પશુ ફાર્મની ઉત્પાદકતા વધારવા, ફાર્મની લાંબા ગાળાની સફળતા, નફાકારકતા અને ટકાઉપણું સુનિશ્ચિત કરવાની છે. આજની વાછરડી કે પાડી એ આવતીકાલનુ દુધાળુ પશુ બની પશુપાલકોની આવક બમણી કરવામા મુખ્ય યોગદાન આપી શકે છે.

## મોરબીના ટીંબડી પાટીયા નજીક ટ્રકને ઓવરટેક કરવા જતાં અથડાયેલ કાર ચાલકનું સારવારમાં મોત,એક ઘાયલ

મોરીબી-માળીયા હાઈવે ઉપર ટીંબડી ગામના બોર્ડ પાસે માર્ગ અકસ્માતની ઘટનામાં માળીયાથી મોરબી આવતી સ્વીફ્ટ કાર ડમ્પર-ટ્રકનો ઓવરટેક કરવા જતા કાર ડમ્પરના ઠાઠામાં અથડાઈ હતી જે અકસ્માતની ઘટનામાં સ્વીફ્ટ કાર ચાલકનું સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું જ્યારે કારમાં સવાર અન્ય યુવકને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી, ત્યારે બનાવ અંગે મૃતક કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર માળીયા(મી)માં મોવર શેરીમાં રહેતા મમદહનીફભાઈ કાદરભાઈ ભટ્ટી ઉ.વ.૨૮ અને હુશેનભાઈ રહીમભાઈ મોવર તથા મારૂતિ સુઝુકી સ્વીફ્ટ કાર નં. જીજે-૩૮-બીડી-૨૧૯૯ કાર માલીક અકબરભાઈ સંઘવાણી એમ ત્રણ જણા ગઈ તા.૧૦/૧૨ ના રોજ માળીયા થી મોરબી આવતા હતા ત્યારે સ્વીફ્ટ કાર ચાલકે પોતાના હવાલાવાળી કાર રોડ ઉપર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડમા પોતાની આગળ જતા ટ્રક ડમ્પર નંબર- જીજે-૧૨-એવાય-૬૪૪૪ વાળાની સાઈડ કાપવા માટે જતા સ્વીફ્ટ કાર ડમ્પરમાં પાછળથી ઠાઠામાં અથડાઈ હતી, જેથી ફરીયાદીને શરીરે ખભામા તથા ડાબી પાંસળીમા ફ્રેક્ચર જેવી ઈજા પહોંચી હતી જ્યારે કાર ચાલકને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે આ અકસ્માતની ઘટનામાં મૃતક કાર ચાલક અકબરભાઈ અબ્બાસભાઈ સંઘવાણી રહે.મોવર શેરી માળીયા(મી) વાળા વિરુદ્ધ મમદહનીફભાઈ ભટ્ટીએ ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતક આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈસુના જન્મ વધામણા સાથે નાતાલ પર્વની ઉજવણીનો રંગેચંગે પ્રારંભ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગઈ મધ્ય રાત્રીના ઈસુના જન્મની સાથે જ નાતાલ પર્વની ઉજવણીનો પ્રારંભ થયો છે. ચર્ચમાં પ્રાર્થના સાથે ભગવાન ઈસુના જન્મ વધામણા કરવામાં આવ્યા હતા. તેમજ કેક કટીંગ કરીને ક્રિસમસ સેલિબ્રેશન શરૂ કરાયું હતું.ચર્ચને રોશનીના શણગારથી સજાવવામાં આવેલ છે તેમજ ખ્રિસ્તી સમાજે પોતાના આંગણે રોશનીનો શણગાર કર્યો છે. ચર્ચમાં ખ્રિસ્તી ભાઈ-બહેનોની ભીડ જોવા મળી હતી. દેવળોમાં જનમેદની દ્રષ્ટિગોચર થઈ હતી. શહેરમાં પણ વેપારીઓએ નાતાલ પર્વ નિમિત્તે રોશની કરી છે. શહેરના પ્રેમમંદિર અને સીએનઆઈ સહિતના ચર્ચ પર ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૫ ડિસેમ્બરથી થર્ટી ફર્સ્ટ અને ન્યુ યર સુધી ઉજવણી થશે. ચર્ચમાં સમુહ પ્રાર્થના સહિત અનેક કાર્યક્રમોના આયોજનો કરવામાં આવ્યા છે.

## સદરબજારમાં શ્રમિક યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

■ પરિવાર ઉતરાખંડ ગયા બાદ યુવાને આત્મઘાતી પગલું ભરી લેતા પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સદરબજારમાં રહેતા ઉતરાખંડના યુવાને પરિવાર લગ્ન પ્રસંગ અર્થે વતનમાં ગયા બાદ અગમ્ય કારણસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવાનના આપઘાતથી પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે.

મુળ ઉત્તરાખંડનો વતની અને હાલ પરિવાર સાથે સદરબજારમાં રહેતો મહમદ નદીમ અહમદ અસ્લમ (ઉ.વ.૩૨) નામના યુવાને આજે સવારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવાનના આપઘાતથી પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે. બનાવની જાણ થતાં પ્રનગર પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકના પરિવારજનો ઉતરાખંડ વતનમાં લગ્ન પ્રસંગમાં ગયા બાદ તેણે આ પગલું ભરી લીધું હતું. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટના વેપારી સાથે મુંબઈના ગઠીયાએ કરી છેતરપિંડી

### બે લાખ એડવાન્સ ચૂકવી ૧૧ લાખના ચણા મંગાવી ૯ લાખનું બૂચ મારી દીધું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નાના મવા મેઈન રોડ ઉપર રાજનગર સોસાયટીમાં રહેતા અને વાવડીમાં મારૂતિ કોમ્પ્લેક્ષમાં છેલ્લા ચાર વર્ષથી જગતાત ફૂડ પ્રોડક્ટ નામે તલ, જીરું, ચણા, મગફળી, ધાણાદાળ સહિતની ખેત પેદાશો પ્રોસેસ કરી વેપાર કરતા વ્રજલાલભાઈ વિઠ્ઠલભાઈ કોલડીયા ઉ.૩૮એ મુંબઈના થાણેના પટેલ સપ્લાયર કિરાણા સ્ટોરના પંકજ ભદ્રા સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ૯,૩૦,૫૯૦ની છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી છે.





ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૨૦ સપ્ટેમ્બરના પંકજનો ફોન આવેલ અને ૧૫ હજાર કિલો ચણા જોઈએ છે તેવી વાત કરતા એક કિલોના ૮૩.૫૦ ભાવ આપ્યો હતો એડવાન્સ પેમેન્ટની વાત કરતા સોદો નક્કી થયો હતો અને બે લાખ એડવાન્સ મોકલ્યા હતા જેથી ૨૯ સપ્ટેમ્બરના રોજ પોતે ૧૩,૫૪૦ કિલો ચણા લઈ મુંબઈ પહોચ્યા હતા અને બીજા દિવસે ભીવંડી માર્કેટમાં પહોચી ફોન કરતા તેણે માલ ત્યાં ઉતારવા કહેતા પેમેન્ટ માંગતા તેણે પેમેન્ટનો સ્ક્રીનશોટ મોકલ્યો હતો માલ ઉતાર્યા બાદ બેંકમાં ચેક કરતા પેમેન્ટ આવ્યું ન હોય ફોન કરતા ઓફિસબોલાવતા ત્યાં જતા તે મળેલ નહિ ફરી ફોન કરતા તમે રાજકોટ જાવ હું પેમેન્ટ મોકલી દઈશ તેમ કહેતા હું ત્યાં જ રોકાયો હતો બીજા દિવસે ફોન કરતા ફોન સ્વીચ આવતો હોય આજદિન સુધી સંપર્ક ન થતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

## ભારત રત્ન વડાપ્રધાન સ્વ.અટલ બિહારી બાજપાઈના જન્મદિવસે શ્રદ્ધા સુમન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારત જમીન કા ટુકડા નહી, જીતા-જાગતા મહાપુરૂષ હૈ, હિમાલય ઈસ્કા મસ્તક હૈ, ગોરી શંકર શિખા હૈ. કશ્મીર કિરીટ હૈ, પંજાબ ઓર બંગાલ દો વિશાલ કંધે હૈ, વિન્ધ્યાચલ કટિ હૈ, નર્મદા કરધની હૈ, પૂર્વી ઓર પદ્ગમિી ઘાટ, દો વિશાલ જંઘાએ હૈ. કન્યાકુમારી ઈસકે ચરણ હૈ, સાગર ઈસકે પગ પખારતા હૈ. પાવસ કે કાલે-કાલે મેઘ ઈસકે કુંતલદેશ હૈ. ચાંદ ઓર સૂરજ ઈસકી આરતી ઉતારતે હૈ. યહ વન્દન કી ભૂમિ હૈ, અભિનન્દન કી ભૂમિ હૈ. યહ તર્પણ કી ભૂમિ હૈ, યહ અર્પણ કી ભૂમિ હૈ, ઈસકા કંકર-કંકર શંકર હૈ, ઈસકા બિંદુ-બિંદુ ગંગાજલ હૈ- હમ જિએંગે તો ઈસકે લિએ, મરેંગે તો ઈસકે લિએ - અટલજી....તેમની કવિતાઓનું સંકલન શ્નમેરી ઈકયાવન કવિતાએથ ખુબ ચર્ચામાં રહી. હાર નહીં માનૂંગા, રાર નહીં ઠાનૂંગા

ભારતના રાજકીય ઈતિહાસમાં અટલ બિહારી વાજપેયીનું સંપૂર્ણ વ્યક્તિત્વ શિખર પુરુષ તરીકે નોંધાયેલુ છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની વિચારધારામાં ઉછરેલા અટલજી રાજનીતિમાં ઉદારવાદ અને સમતા સમાનતાના સમર્થક ગણાય છે. તેમણે રાજનીતિને દળગત અને સ્વાર્થની વૈચારિકતાથી અલગ હટીને અપનાવી અને જીવનમાં ઉતારી. નીતિગત સિદ્ધાંતો અને વૈચારિકતાની કયારેય કત્લેઆમ થવા દીધી નહીં. રાજનીતિક જીવનનાં ઉતાર ચઢાવમાં તેમણે આલોચનાઓ થવા છતાં પોતાના પર સંયમ જાળવી રાખ્યો. રાજનીતિમાં ધૂર વિરોધીઓ પણ તેમની વિચારધારા અને કાર્યશૈલીના કાયલ રહ્યાં. પોખરણ પરિક્ષણ કરીને દુનિયાના સૌથી તાકાતવર દેશ અમેરિકા સાથે અન્ય દેશોને પણ ભારતની શકિતનો અહેસાસ કરાવ્યો. જનસંઘના સંસ્થાપકોમાંના એક અટલ બિહારી વાજપેયીના રાજનીતિક મૂલ્યોની ઓળખ પછીથી થઈ અને તેમને ભાજપ સરકારમાં ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યાં.

અટલ બિહારી વાજપેયીનો જન્મ મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ થયો હતો. તેમના પિતા કળષ્ણ બિહારી વાજપેયી શિક્ષક હતાં.

તેમની માતા કળષ્ણાજી હતાં. આમ તો મૂળ તેમનો સંબંધ ઉત્તર પ્રદેશના આગરા જિલ્લાના બટેશ્વર ગામ સાથે છે. પિતાજી મધ્ય પ્રદેશમાં શિક્ષક હતાં તેમનો જન્મ ત્યાં થયો. ઉત્તર પ્રદેશ સાથે તેમનો રાજનીતિક લગાવ સૌથી વધુ રહ્યો. પ્રદેશની રાજધાની લખનઉથી તેઓ સાંસદ રહ્યાં. કવિતાઓને લઈને તેમણે કહ્યું હતું કે મારી કવિતા જંગનું એલાન છે. પરાજયની પ્રસ્તાવના નહીં. તેઓ હારેલા સિપાઈના નૈરાશ્ય-નિનાદ નથી, ઝૂઝતા યોદ્ધાનો જય સંકલ્પ છે. તેઓ નિરાશાના સ્વર નથી, આત્મવિશ્વાસનો જયઘોષ છે. તેમની કવિતાઓનું સંકલન શ્નમેરી ઈકયાવન કવિતાએથ ખુબ ચર્ચામાં રહી. હાર નહીં માનૂંગા, રાર નહીં ઠાનૂંગા...

રાજનીતિમાં સંખ્યાના આંકડો સર્વોચ્ચ હોવાના કારણે ૧૯૯૬માં તેમની સરકાર માત્ર એક મતના કારણે પડી ગઈ. તેમણે વડાપ્રધાનનું પદ ગુમાવવું પડ્યું હતું. આ સરકાર ફક્ત ૧૩ દિવસ સુધી ચાલી હતી. ત્યારબાદ તેમણે વિપક્ષની ભૂમિકા ભજવી. ત્યારપછી થયેલી ચૂંટણીમાં તેઓ ફરીથી વડાપ્રધાન બન્યાં. રાજનીતિક સેવા વ્રત લેવાના કારણે તેઓ આજીવન કુંવારા રહ્યાં. તેમણે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ માટે આજીવન અવિવાહિત રહેવાનો નિર્ણય લીધો હતો.

અટલ બિહારી વાજપેયીએ પોતાની રાજકીય કુશળતાથી ભાજપને દેશમાં ટોચનું રાજનીતિક સન્માન અપાવ્યું. બે ડઝનથી વધુ રાજકીય દળોને મળીને તેમણે એનડીએ બનાવ્યું. જેમના સરકારમાં ૮૦થી વધુ મંત્રી હતાં. જેને જમ્બો મંત્રીમંડળ પણ કહેવાયું હતું. આ સરકારે પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો કર્યો હતો રાજનીતિથી તેમને કયારેક કયારેક તળષ્ણા થતી હતી. પરંતુ તેઓ ઈચ્છીને પણ તેનાથી દૂર જઈ શકતા નહતાં. કારણ કે વિપક્ષ તેમના પર પલાયનની મહોર લગાવી દેત. તેઓ પોતાની રાજકીય જવાબદારીઓનો મક્કમ થઈને સામનો કરવા માંગતા હતાં. આ તેમના જીવન સંઘર્ષની વિશેષતા પણ રહી. એક કવિ તરીકે તેઓ ઓળખ બનાવવા માંગતા હતાં.



પરંતુ શરૂઆત પત્રક શરૂઆત પત્રકારત્વથી થઈ. પત્રકારત્વ જ તેમના રાજનૈતિક જીવનની આધારશીલા બની. તેમણે સંઘના મુખપત્ર પાંચજન્ય, રાષ્ટ્રધર્મ અને વીર અર્જુન જેવા અખબારોનું સંપાદન કર્યું. ૧૯૫૭માં દેશની સંસદમાં જનસંઘના ફક્ત ચાર સભ્યો હતા. જેમાંથી એક અટલ બિહારી વાજપેયી હતાં. સયુંક્ત રાષ્ટ્ર સંઘમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા હિન્દીમાં ભાષણ આપનારા અટલજી પહેલા ભારતીય રાજનેતા હતાં. હિન્દીને સન્માનિત કરવાનું કામ વિદેશની ધરતી પર અટલજીએ કર્યું.

સૌથી પહેલા ૧૯૫૫માં લોકસભાની ચૂંટણી લડી. તેમાં તેમને પરાજયનો સામનો કરવો પડ્યો.

## કોર્પોરેશનની નોકરી છોડવા વણજાર, વધુ બે અધિકારીએ ફેંક્યા રાજીનામા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ટીઆરપી ગેમઝોન દૂર્ઘટના બાદ મહાનગરપાલિકામાં અનેક અધિકારીઓએ રાજીનામા આપી નોકરી છોડી છે તેમજ અમુક અધિકારીઓના રાજીનામા આજે પણ મંજુરીની રાહમાં પેન્ડીંગ રહ્યા છે. ત્યારે જ આજે વોટરવર્કસ વિભાગમાં વધુ બે અધિકારીઓએ રાજીનામા મુક્યા હોવાનું જાણવા મળેલ છે. હાલ મનપામાં જૂના અધિકારીઓનો દુકાળ હોય આજે વધુ બે સિનિયર અધિકારીઓએ રાજીનામા આપતા અનેક તર્કવિતર્ક સર્જાયેલ છે.

મનપામાં રાજીનામાનું દૌર ઘણા સમયથી શરૂ થયો છે. વર્ષો જૂના અનુભવી અધિકારીઓ ટપોટપ રાજીનામા આપવા લાગ્યા છે. અગાઉ અનેક અધિકારીઓએ નોકરી છોડી દીધી છે. તેમાં તાજેતરમાં વોટવકર્સના એક ઉચ્ચ અધિકારીએ રાજીનામું આપ્યું હતું. જે પરત થયાનું ચર્ચાઈ રહ્યું છે તેવી જ રીતે દુકાળ દ્રસ્ુત થયેલ ફાયર વિભાગના હેડ દવેએ પણ રાજીનામું આપેલ જે સમજાવટના અંતે પાછુ ખેંચ્યુ હતું તેવી જ રીતે અલગ અલગ વિભાગના અનુભવી સિનિયર અધિકારીઓએ પણ રાજીનામા આપેલ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેને મંજુરી આજ સુધી મળી નથી. અમુક કૌભાંડોમાં નામ ગાજેલા હોય તેવા અધિકારીઓ નોકરી છોડી છુટા થઈ ગયા છે અને આજે મહાનગર પાલિકામાં સિટી ઈજનેર સહિતના અધિકારીઓની હટ જોવાઈ રહી છે. કોઈ પણ વિભાગના સંચાલન માટે અનુભવી અધિકારીઓની જરૂર પડે છે. જે આજે મોટા ભાગના વિભાગ પાસે નથી અને હાલ ડેપ્યુટી ઈજનેર તેમજ સીટી ઈજનેર પાસે અનેક વિભાગોના હવાલા હોય હાલ અધિકારીઓ અમુક વિભાગના ઈન્ચાર્જ તરીકે કામ કરી રહ્યા છે અને કામનું ભારણ વધી જવાના કારણે આ અધિકારીઓએ રાજીનામાનો છેલ્લો માર્ગ અપનાવ્યો હોય તેવુ ચીત્ર છેલ્લા ઘણા સમયથી સ્પષ્ટ થઈ રહ્યું છે. ત્યારે જ આજે વોટરવર્કસ વિભાગના વધુ બે અધિકારીએ રાજીનામા આપ્યા હોવાની ચર્ચા જાગી છે.





મહાનગરપાલિકાના વોટરવર્કસ વિભાગમાં ફરજ બજાવતા સીનીયર અધિકારી હરેશભાઈ સોંડાગરે રાજીનામું આપ્યાનું જાણવા મળેલ છે. તેની સાથો સાથ ડેપ્યુટી ઈજનેર અમરેશ દવેએ પણ મ્યુનિસિપલ કમિશનરે રાજીનામું આપી દીધાની ચર્ચા જાગી છે. આમ આજે વોટરવર્કસ વિભાગના જ બે અનુભવી અધિકારીઓએ રાજીનામા આપી દેતા ભારે ચર્ચા જાગી છે છતાં ઉચ્ચ અધિકારીઓની ઘટના કારણે આ બન્ને અધિકારીઓના રાજીનામાં પણ મંજુર કરવામાં નહીં આવે તેવું લાગી રહ્યું છે.

## ઈન્ડિયન રૂટ્સ - ડેઝર્ટ હ્યુઝઃ વિધિ સોની દ્વારા એક સોલો પેઈન્ટિંગ પ્રદર્શન




વિધી સોનીએ ઈન્ડિયન રૂટ્સ - ડેઝર્ટ હ્યુઝ રજૂ કર્યું, કેનવાસ પર ૩૫ કલાકૃતિઓનું પ્રદર્શન કરતું એકલ પ્રદર્શન. આ પ્રદર્શન વિરોધાભાસી ભૌગોલિક અને સાંસ્કૃતિક લેન્ડસ્કેપ્સના સમૃદ્ધ વારસાની શોધ કરે છે, જ્યાં વિધીના અમૂર્ત ચિત્રો આર્કિટેક્ચરલ તત્વોને ઓળખ અને સ્મૃતિના પ્રતીકાત્મક વર્ણનમાં પરિવર્તિત કરે છે. આ શોનું ઉદઘાટન આર્ચર આર્ટ ગેલેરીના જાણીતા ગેલેરીસ્ટ શ્રી અનિલ રેલિયા દ્વારા ૨૪મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૫ કલાકે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીની સામે, કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, આમદાવાદ ની ગુફા ખાતે કરવામાં આવશે. આ પ્રદર્શન ૨૫ થી ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ સુધી દરરોજ સાંજે ૪ થી ૮ વાગ્યા સુધી લોકો માટે ખુલ્લું રહેશે.વિધી સોનીના કલાત્મક લેન્સ દ્વારા જગ્યાઓ અને ઈતિહાસના એકબીજા સાથે જોડાયેલા આ અનોખા પ્રવાસને ચૂકશો નહીં.

## નલિયામાં ૮ અને રાજકોટ - અમરેલીમાં ૯ ડિગ્રી સાથે કડકડતી ઠંડીનો અનુભવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સતત ત્રીજા દિવસે ધુમ્મસ સાથે ઠંડીમાં વધારો નોંધાયો હતો. ખાસ કરીને આજરોજ રાજકોટ-નલિયા અને અમરેલીમાં સિંગલ ડિઝીટ તાપમાનથી લોકો ઠુંઠવાયા હતા. આજરોજ નલિયામાં ૮.૫, રાજકોટમાં ૯.૮ તેમજ અમરેલીમાં ૯.૭ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

રાજકોટ શહેરમાં ફરી એક રાતમાં પારો નીચે ઊતરી જતા ગઈકાલ (૨૪ ડિસેમ્બર) રાત્રિમાં શહેરીજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા. વહેલી સવારમાં ભેજનું પ્રમાણ ઘટી જતા ઠંડી અને પવનના સુસવાટાના કારણે ૯ વાગ્યા સુધી શહેરમાં ધુમ્મસભર્યુ વાતાવરણ જોવા મળ્યું હતું. રાજકોટમાં ફરી પારો સિંગલ ડિગ્રીમાં પહોંચી ગયો હતો. રાજકોટ શહેરમાં ગઈકાલે પવનની ઝડપ ૧૨ કિ.મી. નોંધાઈ હતી, તે પછી ક્રમશઃ ઘટીને ૬ કિ.મી. સુધી પહોચી ગઈ હતી. આજે સતત બીજા દિવસે શહેરનું લઘુતમ તાપમાન ૯ ડિગ્રી નોંધાયું છે.

જયારે અમદાવાદમાં ૧૫, વડોદરામાં ૧૪, ભાવનગરમાં ૧૩.૪, ભુજમાં ૧૧.૪, દમણમાં ૧૬.૮, ડિસામાં ૧૩.૫, દિવમાં ૧૩.૮, દ્વારકામાં ૧૫.૪, ગાંધીનગરમાં ૧૩ ડિગ્રી, કંડલામાં ૧૩.૯, ઓખામાં ૧૭, પોરબંદરમાં ૧૨.૨, સુરતમાં ૧૫.૭ તેમજ વેરાવળમાં ૧૪.૭ ડિગ્રી લઘુતમ તાપમાન રહેવા પામ્યું હતું.

તેમજ જામનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીના વધીને ૧૫.૬ ડિગ્રી રહ્યું હતું. તો પવનની ગતિમાં ૩ કિમી વધતા કોલ્ડવેવ યથાવત રહેતા દિવસભર ટાઢોડાના કારણે લોકો ગરમ વસ્ત્રોમાં ઢબુરાયા હતાં.તો ભેજનું પ્રમાણ વધીનેને ૭૨ ટકાએ પહોંચ્યું હતું. ખાસ કરીને સાંજ પછી ઠંડી વધતા રાત્રીના માર્ગો સૂમસામ જોવા મળી રહ્યા છે.

ઉત્તર ભારતમાંથી આવતા કાતિલ ઠંડા પવનના કારણે જામનગરમાં કોલ્ડવેવ યથાવત રહેતા સાંજથી વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.શહેરનું મહતમ તાપમાનમાં ૨ ડીગ્રીના ઘટાડા સાથે પારો ૨૩.૫ ડિગ્રી પહોંચી ગયો હતો.

છેલ્લા ચોવીસ કલાકમાં ૪ ટકા વધીને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા રહ્યું હતું. પવનની ગતિમા ૩ કિમીનો વધારો થતાં પ્રતિકલાકની સરેરાશ ૮.૬ કિ.મી. રહી હતી. અત્રે નોંધનીય છેકે, ચાલુ વર્ષે શિયાળાનું આગમન વિલંબથી થયું છે.



ત્યારે છેલ્લા થોડા દિવસોથી શિયાળાએ જમાવટ કરતા તિવ્ર ઠંડીનો દોર ચાલી રહ્યો છે. જોકે, ઠંડી વચ્ચે પણ લઘુતમ તાપમાનમાં વધારા-ઘટાડાનો દૌર યથાવત રહ્યો છે.જામનગરમાં જમાવટ વચ્ચે તાપમાનમાં શિયાળાની લઘુત્તમ વધારા-ઘટાડાનો દૌર ચાલી રહ્યો છે.

ઉપરાંત ભાવનગર શહેરમાં લઘુતમ તાપમાન આજે ૧૩.૪ ડિગ્રી નોંધાયુ હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા રહ્યું હતું જયારે પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

## મોટી ખીલોરી પાસે ત્રીપલ સવાર બાઈક આડે ગાય ઉતરતા યુવાનનું મોત નીપજ્યું

### ત્રણેય યુવાનો નાસ્તો કરી રાત્રિના બાઈક ઉપર વાસાવડ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકાના મોટી ખીલોરી પાસે રાત્રિના ત્રીપલ સવારી બાઈક પર પસાર થઈ રહેલા વાસાવડના યુવાનોની આડે અચાનક જ ગાય આવી ચડતા અકસ્માત સર્જાયો હતો જેમાં એક યુવાનનું કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે બે યુવાનો ગંભીર રીતે ઘાયલ થતા સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ વાસાવડ રહેતા દક્ષ ઉર્ફે ચિન્ટુ કિશોરભાઈ મારડિયા ઉં.૧૭ અને તેના બે મિત્રો વિશાખ મહેશગીરી ગોસાઈ અને દિવ્યેશ રાત્રિના દેરડી થી



નાસ્તો કરી બાઈક પર વાસાવડ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે મોટીખીલોરી ગામ નાં પુલ પાસે અચાનક રોડ પર ગાય આવી ચડતા અકસ્માત સર્જાયો હતો. જેમાં દક્ષનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતું જ્યારે અન્ય બે યુવાનો ઘાયલ થયા હોય સારવાર માટે સાણથલી હોસ્પિટલે ખસેડાયા હતા. અકસ્માત માં મોત ને ભેટેલો દક્ષ અભ્યાસ કરતો હતો. બે ભાઈઓ નાં પરીવાર માં નાનો હતો.તેનાં પિતા ઈલેક્ટ્રોનિક નો વેપાર કરે છે. યુવાન પુત્ર નું અકાળે મોત નિપજતા પરીવાર માં કલ્પાંત સર્જાયો હતો. અકસ્માત અંગેની તપાસ સુલતાનપુર પોલીસ જમાદાર અર્જુનભાઈ દવેરા એ હાથ ધરી હતી.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# ઓડી કાર પડાવી લેવાના કેસમાં દાખલારૂપ કાર્યવાહી કરો, ચકચારી કેસમાં રાજકોટ પોલીસની ઝાટકણી કાઢતી હાઈકોર્ટ

■ ડીસીબી પોલીસમાં સીસીટીવી છેજ નહી, રજુ કરાયેલ રીપોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં વેપારીને અરજીના કામે બોલાવી તમારા વિરુદ્ધ ગુનો દાખલ થશે તેમ કહી તેની કીમતી કાર સર્વિસ સેન્ટરમાંથી બોલાવી લઈ અરજદારને પરત અપાવી હવાલો લીધાના કેસમાં હાઈકોર્ટએ આજે ફરી રાજકોટ પોલીસની જાટકણી કાઢી છે ડીસીબી પોલીસ સ્ટેશનના સીસીટીવી સાચવીને રાખવાની ટકોર સામે હાઈકોર્ટમાં રજુ થયેલા ડીસીપીના રીપોર્ટમાં ડીસીબી પોલીસમાં તો સીસીટીવી છે જ નહિ તેવું જાહેર કરવામાં આવ્યું છે બીજી તરફ અરજી અંગે પોલીસ કમિશ્નરને જાણ નહિ કરનાર પીઆઈ અને કોન્સ્ટેબલને સાઈડલાઈન નહિ સ્ટ્રોંગ મેસેજ જાય તેવી દાખલારૂપ કાર્યવાહી કરવા હાઈકોર્ટે ટકોર કરી છે જયારે બંનેને કારણદર્શક નોટીસ પણ આપવામાં આવી છે. આ કેસની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટમાં રહેતા ફરિયાદી વિજય વિશ્વકર્માને ડીસીબી પોલીસ સ્ટેશનમાં બેસતા પીઆઈ કૈલા દ્વારા બોલાવવામાં આવ્યા હતા જેથી તે પોલીસ સ્ટેશને જતા તેમને એવું જણાવવામાં આવ્યું હતું કે તમારી સામે ૨૩ લાખની છેતરપીંડીની રાવ છે જેથી આ ઠગાઈ અંગે ગુનો નોંધવામાં આવશે ફરિયાદી પાસે પૈસા ન હોય જેથી પોતાની સર્વિસ સ્ટેશનમાં પડેલી કાર જમા કરાવવા જણાવતા સર્વિસ સ્ટેશન જઈ ૨૩ લાખની ઠગાઈના અરજદારને કાર આપી દેવામાં આવી હતી આ અંગે હાઈકોર્ટમાં અરજી કરતા ડીસીબી પોલીસ સ્ટેશનના સીસીટીવી યથાવત રાખવા હાઈકોર્ટે હુકમ કર્યો હતો જે અંગે ડીસીપી દ્વારા આજે હાઈકોર્ટમાં રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો જેમાં ડીસીબી પોલીસ સ્ટેશનમાં તો સીસીટીવી જ નથી તેવું જણાવવામાં આવ્યું હતું બીજી તરફ હાઈકોર્ટ જસ્ટીસ સંદીપ ભટ્ટએ વધુ એક વખત રાજકોટ પોલીસની જાટકણી કાઢતા જણાવ્યું હતું કે ઈઓડબલ્યુ પીઆઈ કૈલાની લીવ રીઝર્વમાં અને કોન્સ્ટેબલ જગદીશભાઈની હેડ ક્વાટરમાં બદલી કરી સાઈડ લાઈન કર્યા એટલું સીમિત નથી, લોકોમાં સ્ટ્રોંગ મેસેજ જાય, ઉદાહરણ બેસે તેવી દાખલારૂપ કાર્યવાહી કરો.

# નારાયણનગર માં વધુ એક યુવકનું હૃદયરોગના હુમલાથી મોત



શહેરમાં ૩૯ વર્ષીય યુવાનનું હૃદય બેસી જતા મૃત્યુ થયું છે.વધુ વિગત મુજબ સહકાર નગર મેઈન રોડ પર નારાયણનગર–૭માં રહેતાં પ્રિતેશભાઈ દલસુખભાઈ વેકરીયા (ઉવ.૩૯) નામના યુવાન રાતે માર્કેટ યાર્ડ ખાતે હતો ત્યારે તબીયત બગડતાં ઘરે આવી ગયા હતા અને અચાનક બેભાન થઈ ગયા હતા, તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતો. પરંતુ અહિ દમ તોડી દેતા પરિવારમાં કલ્પાત સર્જાયો હતો. જ્યારે તબીબોએ હાર્ટએટેક આવી ગયાનું જણાવ્યું હતું.આ મામલે હોસ્પિટલ ચોકીના સમશીભાઈ વરૂ, ધર્મેન્દ્રભાઈ, ભાવેશભાઈ, તૌફિકભાઈએ ભક્તિનગર પોલીસને જાણ કરી હતી, મૃત્યુ પામનાર પ્રિતેશભાઈ બે ભાઈ અને એક બહેનમાં મોટા હતા. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

# નિર્ધારિત સમયમાં ફરિયાદ નોંધાવી દેવાશે તોઃ ગુમાવેલા નાણાં પરત મળવાની શક્યતા વધારે છે સાયબર ફ્રોડ થવાના કેસમાં ૧૯૩૦ પર ફોન કરો:DG

## ૧ જાન્યુ.થી ૧૫ ડિસેમ્બર સાયબર ફ્રોડની અધધ સુધી ૧.૩૧ લાખ ફરિયાદઃ ૨૮૫.૧૨ કરોડની રકમ ફ્રિઝ કરીને ૧૦૮ કરોડ પરત અપાયાનો દાવો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



આખા દેશમાં દર ત્રીજી વ્યક્તિ સાયબર ક્રાઈમનો શિકાર બની રહી છે. સરકાર, પોલીસ તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા જાગૃતિ માટેના અનેક કાર્યક્રમો આપવા છતાં લોકો સાયબર માફિયાઓની જાળમાં ફસાઈ જતાં હોય છે. વળી, સાયબર ક્રાઈમનો ભોગ બને એટલે ફરિયાદ કરવાની જગ્યાએ બીજા પછેડાથ શોધવામાં વ્યસ્ત બની રહેતાં હોવાને કારણે ગુમાવેલી રકમ પરત મળવી લગભગ અશક્ય બની જાય છે. પોલીસ દ્વારા અત્યાર સુધીમાં હજારો વખત અપીલ કરવામાં આવી છે કે સાયબર ક્રાઈમનો ભોગ બન્યા હોય તો તુરંત જ ૧૯૩૦ ઉપર ફોન કરો ત્યારે હવે એવી અપીલ પણ કરાઈ છે કે સાયબર ક્રાઈમનો ભોગ બન્યાની પાંચ કલાકમાં જ ૧૯૩૦ ઉપર ફરિયાદ કરી દેવામાં આવે તો ગુમાવેલી રકમ પરત મળવાની શક્યતા અત્યંત વધુ રહે છે.

રાજ્ય પોલીસવડા વિકાસ સહાય દ્વારા અપીલ કરવામાં આવી કે સાયબર ફ્રોડ થયાના ગોલ્ડન અવર્સમાં મળેલી ફરિયાદોમાં નાણાં ફ્રિઝ અને રિકવરી રેટ સૌથી વધુ હોવાથી સાયબર ફ્રોડની ઘટના બને તો તુરંત જ ગોલ્ડન અવર્સ મતલબ કે ફ્રોડ થયાની પાંચ કલાકમાં હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર સંપર્ક કરવો જોઈએ. ગુજરાતમાં તા.૧ જાન્યુઆરી– ૨૦૨૪થી તા.૧૫ ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં ૧.૩૧ લાખ લોકો સાથે સાયબર ફ્રોડ થયાનું સામે આવ્યું છે. આ પૈકી છેતરપિંડીમાં ગયેલી રકમ કે જે ૨૮૫.૧૨ કરોડ જેટલી થવાય છે તે સ્ટેટ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ફ્રિઝ કરી દેવામાં આવી હતી.

# પોલીસમેનની હત્યામાં તાજના સાક્ષી ઉપર હુમલો કરનાર ગેંગ વિરુદ્ધ હત્યાના પ્રયાસની કલમનો કરાયો ઉમેરો

## ગાડી ઊભી રખાવી જાહેરમાં તોડફોડ કરી બે યુવાનને છરીના ઘા ઝીંકી દેવાના ગુનામાં ૯ શખ્સો હાથવેંત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં થોડા દિવસ પહેલા કોઠારીયા ગામમાં ગોકુલ પાર્ક શેરી નં.૦૩ માં રહેતાં રમેશભાઈ દેવરાજભાઈ ગજેરા (ઉ.વ ૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં પોલીસમેન ભરત ગઢવીનું મર્ડર કરનાર નામચીન રાજો જાડેજા, ચિરાગ બકાલી, ચંદ્રેશ ઉર્ફે ચાંદો ગોહેલ, મિલન બાવાજી, દિનેશ કાંચો, પિયુષ સોલંકી, મનિયો મિસ્ત્રી, છોટુ અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં ભક્તિનગર પોલીસે બીએનએસ એક્ટ ૧૧૮(૨), ૧૧૮(૧), સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી અને તમામ આરોપીને સકંજામાં લીધા હતા. આ ઘટનામાં પીઆઈ એમ.એમ.સરવૈયા, રાઈટર નિલેશભાઈ મકવાણાએ આ ઘટનામાં હત્યાના પ્રયાસની કલમ ૧૦૯ ઉમેરવામાં આવી છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ તેના મીત્ર દિવ્યેશભાઈ દવે, ટાંક સહિતના મિત્રો કામ અર્થે ગોંડલ ચોકડી ખાતે દિવ્યેશભાઈની કાર લઈ ગયા હતા.જે ગાડીમાં પાંચેય હુડકો બસ સ્ટેન્ડની સામે આવેલ ખોડીયાર ચા ની હોટલે ચા પીવા ગયા હતા. દરમિયાન તેમને ઘરે જવાનું મોડું થતુ હોય જેથી ચા પીવાની ના પાડતા બધા મિત્રો ચા પાણી પીધા વગર હોટલથી ઘરે જતા હતા.ત્યારે થોડે આગળ કોઠારીયા રોડ ફાયર સ્ટેશન થી આગળ કનૈયા ડેરીએ દુધ લેવા ગાડી ધીમી પાડેલ ત્યારે પાછળથી રાજો જાડેજા, ચિરાગ ઉર્ફે બકાલી, અજાણ્યો શખ્સ તેમજ બીજા બાઈક પર ચંદ્રેશ ઉર્ફે ચંદો ગોહેલ, મિલન બાવાજી, દિનેશ કાંચો અને ત્રીજા બાઈકમાં પીયુષ સોલંકી, મનીયો મિસ્ત્રી અને છોટુ બેઠા હતાં.ત્યારે રાજા જાડેજાએ કહ્યુંકે, તું ગાડી ઉભી રાખ અને રમેશને ઉતારી તું નીકળ તેની સાથે માથાકુટ કરવી છે તેમ કહેતા



દિવ્યેશે ના પાડી ગાડી ધીમે ધીમે જવા દેતા રાજાએ કાચની બોટલ મારી ડ્રાયવર સાઈડનો કાચ હતો. ફોડી નાખેલ અને હાથ નાંખી ચાવી કાઢી લીધી હતી.તેમજ દિવ્યેશને બકાલીએ છરીથી હાથમાં ઘા ઝીંક્યા હતાં. દેવ ટાંકને પણ રાજા જાડેજાએ છરીનો ઝીંકતા મારામારીના કારણે દેકારો થતો હોય જેથી રોડ પર માણસો ભેગા થવા લાગતા રાજાએ કહેલ કે, હવે આગળ કોઈ મારા કેસમાં નડતો નહીં નહીંતર મારી નાખીશ તેવી ધમકી આપી ભાગી ગયેલ હતા. બાદમાં ફરિયાદી અને તેમના બે મિત્રોને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડાયા હતાં. તેમજ ભરત ગઢવીનું મર્ડર કરવામાં આવ્યું હોય તેમાં તેમનો નાનો ભાઈ જીગ્નેશ નજરે જોનાર તાજનો સાક્ષી હોય જેણે રાજા વિરુધ્ધ કોર્ટમાં જુબાની આપી હોય જેનો ખાર રાખી અગાઉ હુમલો કરાયો હતો.આ મામલે ભક્તિનગર પીઆઈ એમ.એમ. સરવૈયા અને રાઈટર નિલશભાઈ મકવાણા સહિતના સ્ટાફે આરોપીઓ વિરુદ્ધ હત્યાના પ્રયાસની કલમ ૧૦૯નો ઉમેરો કર્યો.

# સામે કાંઠે જવા માટે લોકોને બેથી અઢી કિમી ફરીને જવું પડે છે, નવો પૂલ બનાવવા માંગ

## છ માસ પહેલા મુકાયેલા ભૂંગળા ઉપરથી સિમેન્ટ–કોન્ક્રીટ ધોવાઈ ગયાઃ ૧૭ લાખના ખર્ચે આજી ઉપર બનેલો બેઠો પૂલ ૨ વર્ષમાં તૂટી ગયો, કોંગ્રેસના દેખાવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજી નદીમાં રામનાથ મંદિરની આગળ બનેલો બેઠો પૂલ છ માસથી બિસ્માર થયો છે અને વારંવાર રજૂઆત છતા રિપેરીંગ નહિ થતા કે નવો પૂલ બનાવવા હિલચાલ નહિ કરાતા આજે કોંગ્રેસના માલધારી સેલના અગ્રણીએ ટેકેદારો સાથે નદીમાં તૂટેલા પૂલ ઉપર બેસીને ધરણા કર્યા હતા.



કોંગ્રેસના અગ્રણી રણજીત મુંધવાએ કહ્યું હતું કે,બે વર્ષપહેલા આ પૂલ અમારી રજૂઆતો બાદ બનાવાયોહતો. ૩૦૦ એમ.એમ.ના ભૂંગળાના સ્થાને ૯૦૦ એમ.એમ.ના ભૂંગળા મૂકીને ઉપર સિમેન્ટ કોંન્ક્રીટ કરી દેવાયા હતા જે ગત ચોમાસામાં ધોવાઈ ગયા હતા. અમે પૂલ સમારકામ કરવા રજૂઆત કરી છે કારણ કે સામે કાંઠેથી હોસ્પિટલ તરફ આવતા કે સોની બજાર થઈ મુખ્ય બજારમાં આવવા માટે આ પૂલ ઘણો ઉપયોગી હતો. હવે અઢી કિમી ફરીને ચૂનારાવાડ ચોક કે કેસરી હિન્દ પુલ પાસેથી આવવું પડે છે. રામનાથ પાસેના પૂલ સુધી જવું પડે છે. અમારી માગણી છે કે, કોર્પોરેટર આ સ્થળે કોઝવે બનાવે જેથી વારંવાર આવા ૭૫૬ગાયોના મોત અંગે તપાસની ફરી માગણી ગત ચોમાસા દરમિયાન ઢોરડબ્બામાં મૃત્યુ પામેલી ૭૫૬ ગાયોના મોત અંગે તપાસ કરીને સબંધિત સંચાલકો તેમજ મનપાના અધિકારીઓ સામે પગલા લેવા માટે વોર્ડ નં.૧૫ના કોર્પોરેટર કોમલબેન ભારાઈએ નવ નિયુક્ત કમિશનરને રજૂઆત કરી હતી.

# બેડી ચોકડી પાસે લઘુશંકા કરવા જતાં વૃદ્ધાને બોલેરો ચાલકે ઉલાળતા કરૂણ મોત

## અકસ્માત સર્જી નાસી છૂટેલા બોલેરોના ચાલક વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મોરબી રોડ પર બેડી ચોકડી તરફ પગપાળા જઈ રહેલા ૬૫ વર્ષના વૃદ્ધાને બોલેરો ચાલક હડફેટે લઈ નાસી ગયો હતો. અકસ્માતની આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવ અંગે પોલીસે વૃદ્ધાના પુત્રની ફરિયાદ પરથી અકસ્માત સર્જી નાસી ગયેલા બોલેરો ચાલક સામે ગુનો નોંધી તેને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.



મળતી વિગતો અનુસાર, મોરબી રોડ પર વેલનાથપરા શેરી નંબર ૧૩/૧૮ ના ખૂણે રહેતા હતું ખતુબેન બાબુભાઈ જામ(ઉ.વ૬૫) નામના વૃધ્ધા ગઈકાલે સવારના ઘર નજીક મોરબી રોડ પર શાળા નંબર.૭૧ થી આગળ બેડી ચોકડી નજીક ચાલીને જઈ રહ્યા હતા ત્યારે અહીં પંચરની દુકાન પાસે પહોંચતા પૂરપાટ ઝડપે ધસી આવેલી બોલેરોએ વૃદ્ધાને હડફેટે લીધા હતા.અકસ્માત સર્જી બોલેરો ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અહીં ટૂંકી સારવાર બાદ વૃદ્ધાનું મોત થયું હતું. જાણવા મળતી વિગતો મુજબ, અકસ્માતમાં મોતની ભેટનાર વૃધ્ધાને સંતાનમાં ત્રણ પુત્ર અને ચાર પુત્રી છે.વૃધ્ધા લઘુશંકા કરવા જઈ રહ્યા હતા.

બનાવ અંગે વૃદ્ધાના પુત્ર અકબર બાબુભાઈ જામ (ઉ.વ. ૪૫, રહે.મોરબી રોડ વેલનાથપરા)ની ફરિયાદ પરથી બી ડિવિઝન પોલીસે અકસ્માત સર્જી નાસી ગયેલ સફેદ કલરના બોલેરો પીકઅપ વાહનના ચાલક સામે ગુનો નોંધી તેને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે. બનાવ અંગે વધુ તપાસ પીએસઆઈ એ.બી.ચૌધરી ચલાવી રહ્યા છે.

# મારામારીના ગુનામાં સાત માસથી ફરાર નામચીન શખ્સની ધરપકડ

■ અગાઉ ૧૧ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો શખ્સ એક વખત પાસામાં પણ ધકેલાયો'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



શહેરમા મિલ્કત સબંધી અને શરીર સબંધીના ગુનાઓ અટકાવવા તેમજ આ ગુનાના નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડવા પોલીસ કમિશનર દ્વારા તમામ પોલીસ મથક અને ક્રાઈમ બ્રાંચ તેમજ અન્ય બ્રાંચોને સુચના આપવામા આવી હોય ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમા મારામારી ગુનામા ૭ મહીનાથી નાસ્તા ફરતા નામચીન શખ્સને ક્રાઈમ બ્રાંચે પકડી લઈ ભકિતનગર પોલીસને સોંપી દીધો હતો. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર અને સી. એચ. જાદવના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી. ડોડીયાની ટીમના દીપકભાઈ ચૌહાણ, અગ્રાવત અને અશોકભાઈ ડાંગર સહીતના સ્ટાફે ભકિતનગર પોલીસ વિસ્તારના મારામારીના ગુનાના નામચીન આરોપી માઝીદ ઉર્ફે મઝલો રફીકભાઈ ભાણુ ને પોપટપરા સેન્ટ્રલ જેલના રસ્તેથી ઝડપી લઈ ભકિતનગર પોલીસને હવાલે કરવામા આવ્યો હતો. આરોપી વિરૂધ્ધ અગાઉ ધમકી, મારામારી, મિલ્કત નુકશાન, હત્યા સહીત ૧૧ ગુના નોંધાઈ ચુક્યા છે. તેમજ આરોપીને ૨૦૨૦ની સાલમા પાસા પણ થયા હતા તેમજ આરોપી વિરૂધ્ધ ગુજસીટોક પણ થઈ હોવાનુ પોલીસ સુત્રોમાથી જાણવા મળી રહ્યું છે.

# દહેજ બાબતે સિતમ ગુજારતા પરિણીતાએ પતિ સહિતના સાસરિયા વિરુદ્ધ કરી ફરિયાદ

## પતિ ઈન્સ્ટા આઈડીમાં અજાણી યુવતી સાથે ચેટ કરતા ઝઘડો થયો હતાઃ છેલ્લા નવ માસથી પિતાના ઘરે રહે છે

રાજકોટમાં નવ મહીનાથી માવતરે રહેતી પરિણીતાએ ગોંડલ રહેતા પતિ સહીતના સાસરીયા વિરૂધ્ધ દહેજ બાબતે ત્રાસ આપતા હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ સ્વામીનારાયણ ચોક પાસે શ્યામ કોમ્પલેક્ષમાં છેલ્લા નવ મહિનાથી પિતાના ઘરે રહેતી ડોલીબેન જીલભાઈ ખોદાણી (ઉ.વ.૨૭) નામની પરિણીતાએ મહીલા પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે ગોંડલ રહેતા પતિ જીલ નિલેશભાઈ ખોદાણી, સસરા નિલેશભાઈ, સાસુ જયશ્રીબેન, નણંદ સાક્ષી, મોટા સસરા દિનેશભાઈ અને છે.ફરીયાદમાં જણાવ્યા મુજબ લગ્નના એક મહીના બાદ પતિ સહીતના સાસરીયાઓએ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. પતિ ઈન્સ્ટ્રા આઈડીમાં અજાણી છોકરી અને ખરાબ આઈડીને ફોલો કરતો જેથી પેજ ડિલીટ કરવાનું કહેતા ઝઘડો કરતો હતો. સાસરીયા દહેજ બાબતે ત્રાસ મેણાટોણા મારી ત્રાસ આપતા હતા. ગત તા.૧૩/૪ના પતિનું ઈન્સ્ટા આઈડી ખોલતા તે જેઠાણી સાથે ચેટ કરતો હોય જેથી ચેટ ડિલીટ કરવા કહેતા તેણે ઝઘડો કરી માથુ દિવાલમાં ભટકાવ્યું હતું. ત્યારથી તેણી માવતરે રહે છે. આ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે સાસરીય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના પરિવારને ચોટીલા પાસે નડયો અકસ્માતઃ દંપતી અને બે બાળકોને ઈજા

## ધંધુકા ભાણેજના લગ્નમાંથી પરત ફરતી વખતે અજાણ્યા વાહનચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતા ઘટી ઘટના

રાજકોટમાં બેડીપરા વિસ્તારમાં રહેતો પરિવાર ધંધુકા ભાણેજના લગ્ન પતાવી પરત ફરી રહ્યો હતો. ત્યારે ચોટીલા નજીક આપાગીગાના ઓટલા પાસે અજાણ્યા વાહન ચાલકે રીક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં દંપતી અને બે સંતાનોને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે વિગત મુજબ રાજકોટમાં બેડીપરા વિસ્તારમાં રહેતા મુકુદ્દલ શબીરભાઈ ઘોઘારી (ઉ.વ.૪૦), તેની પત્ની ફરીદાબેન મુકુદલભાઈ ઘોઘારી (ઉ.વ.૩૮), પુત્ર મહમદ મુકુદલભાઈ ઘોઘારી (ઉ.વ.૧૨) અને પુત્રી બનુલ બેન મુકુદલભાઈ ઘોઘારી (ઉ.વ.૧૭) રિક્ષામાં બેસી ચોટીલા તરફથી રાજકોટ આવતા હતા ત્યારે આપાગીગાના ઓટલા પાસે અજાણ્યા વાહન ચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા એક જ પરિવારના ચારેય સભ્યોને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં પરિવાર ધંધુકા ભાણેજના લગ્ન પ્રસંગમાં ગયો હતો અને ભાણેજના લગ્ન પતાવી પરિવાર રાજકોટ આવવા પોતાની રીક્ષા લઈને પરત ફર્યો હતો ત્યારે આપાગીગાના ઓટલા પાસે અજાણ્યા કાર ચાલકે રિક્ષા અને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ચોટીલા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શાપરમાં સાથે નોકરી કરતા શખ્સ પાસેથી યુવકે રૂ.૭૫ હજાર વ્યાજે લીધા બાદ બે માસ વ્યાજ ચુકવ્યું છતાં વધુ ૭૦ હજારની માંગ કરી

શાપર નોકરી કરતા યુવકે ત્રણ માસ પુર્વે તેના પિતાની તબીયત લથડતા સારવાર માટે પૈસાની જરૂરીયાત ઉભી થતા સાથી કર્મચારી પાસેથી રૂ.૭૫ હજાર વ્યાજે લઈ બે માસ સુધી વ્યાજ ચુકવ્યું છતાં વધુ રૂ.૭૦ હજારની માંગણી કરી ધાક–ધમકી આપ્યાનો શાપર પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે. રાજીવનગર સોસાયટીમાં રહેતા જીતેન્દ્રસિંહ બળવંતસિંહ વાઘેલાએ શાપર પોલીસમાં પારડી ગામના દીવ્યેશ ભરતભાઈ સરવૈયા સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં ત્રણ મહિના પુર્વે તેના પિતા બિમાર પડતા સારવાર માટે રૂ.૭૫ હજારની જરૂરીયાત ઉભી થતા તેની સાથે નોકરી કરતાં દીવ્યેશને વાત કરતા વ્યાજખોરે કહ્યું કે હું તને રૂ.૭૫ હજાર આપુ પણ તારે મને એક મહિનાના રૂ.૭૫૦૦ વ્યાજ ચુકવવું પડશે જેથી તેને પૈસાની જરૂરત હોવાથી તે સહમત થયા હતા. બાદમાં બે મહિના સુધી રૂ.૧૫ હજાર વ્યાજ ચુકવ્યું હતું.બાદમાં વ્યાજખોરને વ્યાજ ચુકવી ન શકો હોવાથી તે મારી પાસે આવેલ અને કહ્યું કે પૈસા નહીં આપે તો શાપરમાં નોકરી નહી કરવા દવ જેથી તેણે કંટાળી નોકરી મુકી દીધેલ હતી.બાદમાં રાજકોટ કામ ચાલતું ન હોય જેથી ફરી તે શાપર નોકરી કરવા ગયો ત્યારે વ્યાજખોર સાથે વાત કરી રૂ.૭૫૦૦૦ના રૂ.૭૦ હજાર આપવાના અને દર મહિને રૂ.૭૫૦૦નો હપ્તો આપવાનું નકકી કરી સમાધાન કર્યું હતું.બે મહિનાનું વાત ચુકવેલ છતાં વ્યાજખોરે મુળ રકમની માંગણી કરી ધમકી આપતો હોવાથી ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વ્યાજખોરની શોધખોળ હાથ ધરી છે.

# નરસંગપરામાં યુવાને ઉછીના આપેલા પાંચ હજારની ઉઘરાણી કરતા છરી વડે હુમલો

■ સબંધના નામે છ માસ પૂર્વે યુવાને હાથ ઉછીના રૂપિયા આપ્યા'તા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમા પ્રધ્યુમન પાર્ક પાસે રહેતા યુવાને સબંધના દાવે આપેલા ઉછીના રૂપિયાની ઉઘરાણી કરતા નરસંગપરા વિસ્તારના શખ્સે છરી વડે હુમલો કર્યો હતો. હુમલામા ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામા આવ્યો હતો. આ અંગે વિગત મુજબ પ્રધ્યુમન પાર્ક પાસે રહેતો દિપક ઉર્ફે શિવમ રણજીતભાઈ અગ્રાવત નામનો ૧૮ વર્ષનો યુવાન કેશરીહિન્દ પુલ પાસે આવેલા નરસંગપરામા હતો ત્યારે વિમલ બાવાજી નામના શખ્સે છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યો હતો. પ્રાથમીક પુછપરછમા



હુમલામાં ઘવાયેલા દિપક ઉર્ફે શિવમ અગ્રાવતે વિમલ બાવાજીને છ માસ પહેલા રૂ. ૫૦૦૦ હાથ ઉછીના આપ્યા હતા.

દિપક ઉર્ફે શિવમ અગ્રાવત ગઈકાલે નરસંગપરામા હતો ત્યારે વિમલ બાવાજી પાસે હાથ ઉછીના આપેલા રૂ. ૫૦૦૦ની ઉઘરાણી કરતા વિમલ બાવાજીએ છરી વડે હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામા આવ્યો હતો. આક્ષેપના પગલે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કોર્પોરેટરના ભત્રીજાએ ૨૦ દીમાં ફરી લખણ ઝળકાવ્યા બુકાની બાંધી મધરાત્રે હોટલમાં કરી તોડફોડ

## અગાઉ નજીવા પ્રશ્ને ઝઘડો કરતા પોલીસે કાયદાનું ભાન કરાવ્યું છતાં ફરી આતંક મચાવ્યો



શહેરમા ખાખીનો ખૌફ ઓસર્યો હોય તેમ અનેકવાર જાહેરમા મારામારી તેમજ સામાન્ય બાબતોમા હથીયાર કાઢી લેવા અંગેના વિડીયો સોશ્યલ મીડીયામા અનેકવાર વાઈરલ થાય છે. ત્યારે કોઠારીયા રોડ પર ગઈ તા. ૧૨ના રોજ કોઠારીયા રોડ પર આવેલી શકિત હોટલ પર કોર્પોરેટર મકબુલ દાઉદાણીના ભત્રીજા અકરમ દાઉદાણીએ નજીવી બાબતે માથાકુટ કરી હોટલ પર તોડફોડ કરી હતી. આ ઘટનામા ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ. એમ. સરવૈયા સહીતના સ્ટાફે આરોપીને તુરંત પકડી કાયદાનુ ભાન કરાવ્યુ હતુ અને આરોપીએ ઘટના બદલ હવે ફરી આવી ઘટના નહીં બને તેવી માફી માંગી હતી. ત્યારે ફરી વખત અકરમે બુકાની બાંધી હોટલ પર પહોંચી મોડી રાત્રે ટેબલ રસ્તા પર ફેંકી તોડફોડ કરી આતંક મચાવ્યો હતો. આ ઘટનામા હવે ભકિતનગર પોલીસ આરોપીને પકડી વરઘોડો કાઢશે તેમ પીઆઈએ જણાવ્યુ હતુ.